dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 171 | AD - 2026, Chaitra Sud -11 | Sunday, Dt. 29-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ઉત્તર પ્રદેશના ગૌતમ બુધ્ધ નગર જિલ્લાના જેવર ખાતે

## એશિયાના સૌથી મોટા એરપોર્ટનું પીએમ મોદીએ કર્યું ઉદ્દઘાટન

લખનૌ,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ઉત્તર પ્રદેશના ગૌતમ બુધ્ધ નગર જિલ્લાના જેવર ખાતે એશિયાના સૌથી મોટા ગણાતા એરપોર્ટનું ઉદઘાટન કરીને ભારતની પ્રગતિમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. આ પ્રસંગ માત્ર એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું લોકાર્પણ નહોતો, પરંતુ વિકસિત ભારત અને વિકસિત ઉત્તર પ્રદેશના સંકલ્પની પૂર્તિનો એક ઉત્સવ હતો. વડાપ્રધાને અત્યંત નમ્રતા સાથે આ સફળતાનો શ્રેય દેશની જનતાને આપતા જણાવ્યું હતું કે આ એરપોર્ટનું ઉદઘાટન કોઈ નેતા દ્વારા નહીં, પરંતુ જનતાના અતૂટ વિશ્વાસ અને પુરુષાર્થ દ્વારા થયું છે. તેમણે મેદનીને સંબોધતા તેમના મોબાઈલ ફોનની ફ્લેશલાઈટ ચાલુ કરાવી હતી, જે પ્રતીક હતું કે આ એરપોર્ટ દેશના યુવાનોના ભવિષ્યને નવી રોશની અને નવી ઉંચાઈઓ આપવા જઈ રહ્યું છે. વડાપ્રધાને સ્પષ્ટ કર્યું હતું કે યુવાનો આધુનિક ભારતની શક્તિ છે અને જેવર એરપોર્ટ તેમના સપનાઓને સાકાર કરવા માટેનું એક સશક્ત માધ્યમ બનશે.પીએમ મોદીએ ગૌરવ સાથે ઉલ્લેખ કર્યો હતો કે ઉત્તર પ્રદેશ હવે દેશનું સૌથી વધુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધરાવતું રાજ્ય બની ગયું છે. તેમણે પોતાની વ્યક્તિગત ખુશી વ્યક્ત કરતા કહ્યું હતું કે જે રાજ્યએ તેમને સાંસદ તરીકે ચૂંટ્યા અને દેશની સેવા કરવાની તક આપી, તે રાજ્યની ઓળખ હવે આ ભવ્ય એરપોર્ટ સાથે જોડાઈ છે. પીએમ



મોદીએ ભૂતકાળની સરકારોની કાર્યશૈલી અને વર્તમાન 'ડબલ એન્જિન' સરકારના કામ વચ્ચેનો તફાવત પણ સ્પષ્ટ રીતે સમજાવ્યો હતો. તેમણે જણાવ્યું કે જેવર એરપોર્ટનો વિચાર વર્ષ ૨૦૦૩માં અટલ બિહારી વાજપેયીની સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યારબાદની કેન્દ્રની કોંગ્રેસ સરકાર અને રાજ્યની સપા સરકારે રાજકીય ઉદાસીનતાને કારણે આ પ્રોજેક્ટને દાયકાઓ સુધી ફાઈલોમાં દબાવી રાખ્યો હતો. ૨૦૧૪માં કેન્દ્રમાં અને ત્યારબાદ રાજ્યમાં ભાજપની સરકાર આવ્યા પછી જ આ કામને ગતિ મળી અને આજે તે વાસ્તવિકતા પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુધ્ધ અને તેના કારણે સર્જાયેલી વૈશ્વિક કટોકટી અંગે પણ વડાપ્રધાને મહત્વની વાતો કરી હતી. તેમણે સ્વીકાર્યું હતું કે આજે આખી દુનિયા ચિંતામાં છે કારણ કે યુધ્ધ ને કારણે અનાજ, પેટ્રોલ, ડીઝલ અને ખાતર જેવી જીવનજરૂરી ચીજોની તીવ્ર અછત વર્તાઈ રહી છે. ભારત ક્રૂડ તેલ અને ગેસ માટે આ પ્રદેશ પર નિર્ભર છે, તેમ છતાં ભારત સરકાર દરેક શક્ય પ્રયાસ કરી રહી છે કે આ વૈશ્વિક મુશ્કેલીનો બોજ દેશના સામાન્ય પરિવારો અને ખેડૂતો પર ન પડે. આટલા મોટા સંકટ વચ્ચે પણ જેવર એરપોર્ટનું કાર્ય પૂર્ણ થવું અને તેનું કાર્યરત થવું એ ભારતની આર્થિક સ્થિરતા અને દ્રઢ ઈચ્છાશક્તિનો પુરાવો છે. વડાપ્રધાને ઉમેર્યું કે હવે જેવર એરપોર્ટથી દર બે મિનિટે એક ફ્લાઈટ રવાના થશે, જે ઉત્તર ભારતને સમગ્ર વિશ્વ સાથે સીધું જોડી દેશે.નોઈડા અને તેની આસપાસના વિસ્તારો સાથે જોડાયેલી જૂની અંધશ્રધ્ધા પર કટાક્ષ કરતા પીએમ મોદીએ કહ્યું કે અગાઉના મુખ્યમંત્રીઓ પોતાની સત્તા ગુમાવવાના ડરથી અહીં આવતા ગભરાતા હતા. નોઈડાને અશુભ માનીને તેને વિકાસથી વંચિત રાખવામાં આવ્યું હતું.

## ઈઝરાયેલના ૫૦થી વધુ ફાઈટર જેટ દ્વારા ઈરાનમાં ભીષણ હુમલો કર્યો

તેહરાન,તા.૨૮

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગના ૨૮ દિવસ પૂર્ણ થતા હવે આ યુધ્ધ વધુ વરવું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. તાજેતરના અહેવાલો મુજબ આ સંઘર્ષમાં હવે હુતી વિદ્રોહીઓ પણ સક્રિય રીતે જોડાઈ ગયા છે, જેના કારણે મધ્ય પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈઝરાયલે તેની સૈન્ય શક્તિનું પ્રદર્શન કરતા ૫૦ જેટલા અત્યાધુનિક ફાઈટર જેટ્સ દ્વારા ઈરાનની સરહદની અંદર ઘૂસીને ભીષણ હુમલો કર્યો છે.



શુક્રવારે રાત્રે કરવામાં આવેલી આ સૈન્ય કાર્યવાહી કલાકો સુધી ચાલી હતી, જેમાં ઈરાનના ત્રણ મહત્વના વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈઝરાયલી સેનાના જણાવ્યા અનુસાર, આ હુમલા સંપૂર્ણપણે ગુપ્ત માહિતીના આધારે કરવામાં આવ્યા હતા જેથી ઈરાનની હથિયાર બનાવવાની ક્ષમતાને તોડી શકાય.આ હવાઈ હુમલામાં મુખ્યત્વે અરાક અને યઝ્દ જેવા વ્યૂહાત્મક વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. અરાકમાં આવેલા હેવી વોટર પ્લાન્ટ પર હુમલો કરીને ઈઝરાયલે ઈરાનના પ્લુટોનિયમ ઉત્પાદન માર્ગને અવરોધવાનો પ્રયાસ કર્યો છે, જે પરમાણુ હથિયારો માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેવી જ રીતે, યઝ્દમાં યુરેનિયમ સંવર્ધન માટે જરૂરી વિસ્ફોટક સામગ્રી બનાવતા પ્લાન્ટને પણ નષ્ટ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, બેલિસ્ટિક અને એન્ટી-એરક્રાફ્ટ મિસાઈલના સ્પેરપાર્ટ્સ બનાવતી ફેક્ટરીઓ પર પણ બોમ્બમારો કરવામાં આવ્યો હતો.

## શ્રીનગર-લેહને જોડતા નેશનલ હાઈવે પર હિમસ્ખલન થતા ૭ લોકોના કરૂણ મોત

શ્રીનગર,તા.૨૮

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને જોડતો અને વ્યૂહાત્મક દ્રષ્ટિએ અત્યંત મહત્વ ધરાવતો શ્રીનગર-લેહ નેશનલ હાઈવે શુક્રવારે એક ભયાનક દુર્ઘટનાનો સાક્ષી બન્યો હતો. જોજિલા પાસે આવેલા ઝીરો પોઈન્ટ અને મિનીમાર્ગ વચ્ચેના વિસ્તારમાં એકાએક શ્રેણીબધ્ધ હિમસ્ખલન થતાં સમગ્ર પંથકમાં અફરાતફરી મચી ગઈ હતી. આ કુદરતી હોનારતમાં અત્યાર સુધીમાં સાત લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હોવાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે, જ્યારે અન્ય પાંચ લોકો



ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે જેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. શુક્રવારે બપોરના સમયે જ્યારે વાહનોની અવરજવર ચાલુ હતી, ત્યારે અચાનક પહાડો પરથી બરફના તોતિંગ થર નીચે ધસી આવ્યા હતા. આ હિમસ્ખલનની ઝપેટમાં હાઈવે પરથી પસાર થઈ રહેલા અંદાજે એક ડઝન જેટલા વાહનો આવી ગયા હતા અને જોતજોતામાં બરફના પહાડ નીચે દબાઈ ગયા હતા. આ કરુણ ઘટનાની જાણ થતાં જ લદ્દાખ વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું અને કારગિલના ડીસી તેમજ એસએસપીને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવવા આદેશ આપ્યા હતા. હાલમાં ડિઝાસ્ટર રિલીફ ફોર્સ અને બીઆરઓની ટીમો દ્વારા યુધ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પ્રતિકૂળ હવામાન અને બરફના સતત સરકતા સ્તર વચ્ચે પણ ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને અસરગ્રસ્ત પરિવારોને સાંત્વના પાઠવતા ખાતરી આપી છે કે સરકાર ઘાયલોને તમામ શક્ય તબીબી સહાય અને મદદ પૂરી પાડવા માટે કટિબધ્ધ છે.

### આ લડાઈ માત્ર સત્તા મેળવવા માટે નથી પરંતુ બંગાળના ગૌરવ અને આત્માને બચાવવા માટે છે : અમિત શાહ

## પં.બંગાળમાં ગૃહમંત્રી અમિત શાહે મમતા બેનર્જી સામે ચાર્જશીટ જાહેર કરી

**બંગાળમાં થતી ઘૂસણખોરી દેશની સુરક્ષા માટે મોટો ખતરો**

કોલકાત્તા,તા.૨૮

પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજકીય માહોલ ગરમાયો છે. કોલકતાની મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મમતા બેનર્જીના ૧૫ વર્ષના શાસન વિરુધ્ધ એક વિગતવાર ચાર્જશીટ જાહેર કરી છે. તેમણે તૃણમૂલ કોંગ્રેસના કાર્યકાળને અરાજકતા અને ભ્રષ્ટાચારના યુગ તરીકે ઓળખાવતા સ્પષ્ટ કર્યું કે આ લડાઈ માત્ર સત્તા મેળવવા માટે નથી પરંતુ બંગાળના ગૌરવ અને આત્માને બચાવવા માટે છે.

અમિત શાહે રાષ્ટ્રીય સુરક્ષાનો ગંભીર મુદ્દો ઉઠાવતા જણાવ્યું કે બંગાળમાં થતી



ઘૂસણખોરી દેશની સુરક્ષા માટે મોટો ખતરો છે. તેમણે આરોપ લગાવ્યો કે વોટ બેંકની રાજનીતિ માટે મમતા સરકારે સરહદી વિસ્તારોની વસ્તી વિષયક સ્થિતિ સાથે ચેડાં થવા દીધા છે અને જો બંગાળને આ સમસ્યામાંથી મુક્ત કરવું હોય તો સત્તા પરિવર્તન અનિવાર્ય છે.

વધુમાં અમિત શાહે મમતા બેનર્જી પર કટાક્ષ કરતા કહ્યું કે તેઓ હંમેશા 'વિક્ટિમ કાર્ડ' રમીને જનતાની સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કરે છે. ક્યારેક ઈજા તો ક્યારેક માંદગીના બહાને તેઓ ચૂંટણી પંચ અને વ્યવસ્થા પર સવાલો ઉઠાવે છે પરંતુ હવે બંગાળની જનતા તેમની આ રમત સમજી ગઈ છે. ચાર્જશીટમાં જણાવાયું છે કે બંગાળ અત્યારે ભ્રષ્ટાચારની પ્રયોગશાળા અને ઉદ્યોગોનું કબ્રસ્તાન બની ગયું છે જ્યાં સિન્ડિકેટ રાજ ચાલી રહ્યું છે. ભાજપ ૨૦૧૧થી આ કુશાસન સામે લડી રહ્યું છે અને હવે જનતા પાસે હિસાબ લેવાનો સમય પાકી ગયો છે.

## વિશાખાપટ્ટનમથી દિલ્હી આવતી ઈન્ડીગો ફ્લાઈટમાં ટેકનીકલ ખામી સર્જાતા ઈમરજન્સી લેન્ડીંગ

વિશાખાપટ્ટનમ,તા.૨૮

તાજેતરમાં વિશાખાપટ્ટનમથી દિલ્હી આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ ૫૭૯ માં લેન્ડિંગ પહેલાં ટેકનિકલ ખામી સર્જાતા સુરક્ષિત લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. આ ઘટના બાદ એરલાઈન્સમાં સુરક્ષા અંગે ચિંતા વધી છે. સરકારે સંસદમાં રજૂ કરેલા આંકડા મુજબ, જાન્યુઆરી ૨૦૨૫ થી અત્યાર સુધીમાં દેશની છ મુખ્ય એરલાઈન્સના ૭૫૪ વિમાનોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૩૭૭ વિમાનોમાં એક જ પ્રકારની ખામી વારંવાર જોવા



મળી છે. ખાસ કરીને એર ઈન્ડિયા ગ્રુપના ૭૨% વિમાનોમાં આવી સમસ્યાઓ સામે આવી છે. ઈન્ડિગોના પણ ૪૦૫ માંથી ૧૪૮ વિમાનોમાં ૩ ફેબ્રુઆરી સુધી રિપીટેટિવ ડિફેક્ટ્સ નોંધાઈ છે. આ આંકડા દર્શાવે છે કે ટેકનિકલ સમારકામ છતાં સમસ્યાઓનું કાયમી નિરાકરણ લાવવામાં એરલાઈન્સ નિષ્ફળ રહી છે.







## રાજસ્થાન, મધ્યપ્રદેશના જિલ્લાઓમાં કરા સાથે વરસાદની કરાઈ આગાહી

ભોપાલ,તા.૨૮

હાલમાં દેશના અનેક ભાગોમાં હવામાનમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે. રાજસ્થાનમાં શનિવારથી નવી વેધર સિસ્ટમ સક્રિય થતા તમામ જિલ્લાઓમાં વરસાદ અને કરા પડવાની શક્યતા છે. મધ્ય પ્રદેશમાં ૨૯ માર્ચથી સતત ત્રણ દિવસ સુધી ભોપાલ અને ગ્વાલિયર સહિત ૪૦ જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં પણ વાવાઝોડા સાથે છૂટોછવાયો વરસાદ વરસી



રહ્યો છે, જેના કારણે આગામી પાંચ દિવસ સુધી સાવચેતી રાખવા સૂચના અપાઈ છે. બીજી તરફ, હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાની આગાહી છે. જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર-લેહ હાઈવે પર થયેલા હિમસ્ખલનમાં સાત લોકોએ જીવ ગુમાવતા ગંભીર સ્થિતિ સર્જાઈ છે.

# લીલીયા ખાતે કોન્ટ્રાકટ પધ્ધતિ સામે કામદારોમાં ભારે રોષ

લીલીયા,તા.૨

લીલીયામોટા ગામે ગ્રામ પંચાયત હેઠળ કાર્યરત આશરે ૨૦ જેટલા સફાઈ કામદારોને અચાનક ફરજ પરથી દૂર કરવામાં આવતા ભારે વિવાદ સર્જાયો છે. ગ્રામપંચાયત દ્વારા આયોજનબધ્ધ રીતે સફાઈની કામગીરી ખાનગી કોન્ટ્રાકટરને સોંપી દેવામાં આવતા વર્ષોથી રોજમદાર તરીકે સેવા આપતા ગરીબ શ્રમિકોના જીવનનિર્વાહ પર સંકટ આવી પડ્યું છે. નિયમ મુજબ જ્યાં ૧૪ જગ્યાઓ પર કાયમી ભરતીની પ્રક્રિયા હાથ ધરવી જોઈએ, ત્યાં કામદારોને તેમના હક્કોથી વંચિત રાખી તંત્ર દ્વારા શોષણખોરીની નીતિ અપનાવવામાં આવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ અન્યાયી નિર્ણયના વિરોધમાં સમસ્ત વાલ્મિકી સમાજ ગુજરાતના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ બારૈયાની ઉપસ્થિતિમાં પંચાયત ખાતે બેઠક યોજાઈ હતી, જેમાં સરપંચ અને ગ્રામસેવક સાથે ચર્ચા કરવામાં આવી હતી. જોકે, આ બેઠક દરમિયાન




ઈનચાર્જ સરપંચ વિજયભાઈએ પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા હતા અને ‘મને આ મામલે ફસાવવામાં આવ્યો છે’ તેવું કહી બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. તા. ૨૮/૦૩/૨૦૨૬ના રોજ જીતુભાઈ બારૈયા દ્વારા કોન્ટ્રાકટને લગતા જરૂરી દસ્તાવેજો અને આધાર પુરાવા માંગવામાં આવ્યા હતા, પરંતુ પંચાયત તંત્ર દ્વારા કોઈ સંતોષકારક વિગતો રજૂ કરવામાં ન આવતા સમગ્ર પ્રક્રિયા શંકાના દાયરામાં આવી છે. સફાઈ કામદારોએ ચીમકી ઉચ્ચારી છે કે જો સોમવાર સુધીમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમ રદ કરી કામદારોને પુનઃ સ્થાપિત કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. સમાજની મુખ્ય માંગ છે કે ખાનગીકરણની નીતિ તાત્કાલિક બંધ કરી જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને વર્ષોથી પ્રામાણિકતાથી કામ કરતા સફાઈ સેવકોને કાયમી કરી ન્યાય આપવામાં આવે.

# ધારીના ગોપાલગ્રામમાં શિકારની શોધમાં નવ સિંહોની લટાર, ગ્રામજનોમાં ફફડાટ

અમરેલી,તા.૨૮

ધારી તાલુકામાં આવેલા ગોપાલગ્રામમાં ગઈકાલે રાત્રે કુદરતનું એક અદભૂત પણ ડરામણું દ્રશ્ય જોવા મળ્યું હતું. ગામની સીમમાં એકસાથે નવ સિંહોનું ટોળું લટાર મારતું દેખાતા સમગ્ર પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે. રાત્રિના નિરવ શાંતિમાં અચાનક આટલી મોટી સંખ્યામાં સિંહોને જોઈને ગ્રામજનો સ્તબ્ધ થઈ ગયા



હતા. કેટલાક ઉત્સાહી યુવાનોએ આ અનોખા દ્રશ્યો પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. નવ સિંહોના આ આખા પરિવારે કોઈ પણ ખલેલ વગર શાંતિથી રસ્તો પસાર કર્યો હતો. જોકે, આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ફફડાટ પણ જોવા મળી રહ્યો છે, કારણ કે આટલી મોટી સંખ્યામાં સિંહો રહેણાંક વિસ્તારની નજીક આવતા પશુપાલકોમાં ચિંતા વધી છે. વન વિભાગે તાત્કાલિક અસરથી પેટ્રોલિંગ વધારી દીધું છે અને ગ્રામજનોને રાત્રિ દરમિયાન સાવચેત રહેવા તેમજ સીમ વિસ્તારમાં એકલા ન જવા કડક સૂચના આપી છે.

# લીલીયા-કૃષ્ણનગર એસ.ટી. બસ સવારે ચલાવવા રજૂઆત

લીલીયા, તા.૨૮

લીલીયા તાલુકા આમઆદમી પાર્ટીના પ્રમુખ વિજયભાઈ વિરાણીએ અમરેલી એસ.ટી ડિવિઝનને પત્ર લખીને લીલીયાથી કૃષ્ણનગરની એસ.ટી બસ સવારે ચલાવવા માગણી કરી હતી. તેમણે રજૂઆત કરી છે કે, લીલીયા ગામથી વાયા અમરેલી થઈ કૃષ્ણનગરની બસ શરૂ કરવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં પણ આજ દિન સુધી બસ શરુ થઈ નથી. લીલીયા તાલુકા કક્ષાનું ગામ હોવાથી અને આજુબાજુના ગામના લોકોને સવારે જો



અમદાવાદ સુધીની બસ સુવિધા મળે તો તેમને અનુકૂળતા રહેશે. જો ૦૧-૦૪-૨૦૨૬ સુધીમાં અમારી માગણી નહીં સ્વીકારાયતો બસ રોકો આંદોલન કરવાની ફરજ પડશે. આ અંગેની રજૂઆત મામલતદાર, કલેકટર કચેરી-અમરેલી અને ડી.ડી.ઓ અમરેલીને પણ કરવામાં આવી છે.

# અમરેલીપોલીસને ‘મિશનસ્માઈલ’નેરાષ્ટ્રીય સ્તરનો સ્ટેટ ગવર્નન્સ એવોર્ડ-૨૦૨૫ મળ્યો

અમરેલી,તા.૨૮

ગુજરાત સરકારની મહિલા અને બાળ સુરક્ષાની મહત્વની પહેલ અંતર્ગત છેલ્લા એક વર્ષથી કાર્યરત ‘મિશન સ્માઈલ’ને રાષ્ટ્રીય સ્તરના સ્ટેટ ગવર્નન્સ એવોર્ડ-૨૦૨૫ થી સન્માનિત કરવામાં આવ્યું છે. દિલ્હી ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત અને નાયબ પોલીસ



અધિક્ષક નયના ગોરડિયાએ આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સ્વીકાર્યો હતો. આ મિશન અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડિયાના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ પોલીસ સ્ટેશનોની ૨૦ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોને સંયુક્ત રાષ્ટ્ર ની ચાઈલ્ડ સેફ્ટી કમિટીના માપદંડો મુજબ તાલીમ આપીને જિલ્લાની શાળાઓ, બાળકો અને વાલીઓને બાળ અધિકારો પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા. દેશભરની ૩૦૦ થી વધુ સંસ્થાઓ અને સરકારી વિભાગોના નામાંકન વચ્ચે અમરેલી પોલીસની પસંદગી થવી એ સમગ્ર જિલ્લા માટે ગર્વની બાબત છે.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલમાં શિક્ષણ પ્રત્યેની ઉત્સુક્તા જગાવતુ અનોખું આયોજન

અમરેલી, તા.૨૮

વિદ્યાર્થીઓમાં નવી ટેક્નોલોજી પ્રત્યે જાગૃતિ અને રસ વધે તેવા ઉમદા હેતુ સાથે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ—વિદ્યાસભા સ્કૂલ ખાતે ‘વર્ચ્યુઅલ રિયાલિટી’ (VR) 3D શોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ આધુનિક શૈક્ષણિક પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓને જટિલ વિષયો અત્યંત સરળ, જીવંત અને રસપ્રદ રીતે સમજાવવામાં આવ્યા હતા. આ પ્રદર્શન દરમિયાન



વિદ્યાર્થીઓએ હાઈ-ટેક વીઆર ગિયર દ્વારા અવકાશયાત્રા, જળચર સૃષ્ટિ, વૈજ્ઞાનિક પ્રયોગો અને પ્રાચીન ઈતિહાસનો સજીવ અનુભવ કર્યો હતો, જેનાથી તેમની કલ્પનાશક્તિ અને પુસ્તકીય જ્ઞાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના સર્વાંગી શિક્ષણના સ્વપ્નને સાકાર કરવા માટે આવા ટેક્નોલોજી આધારિત કાર્યક્રમો ખૂબ જ અનિવાર્ય છે. ભવિષ્યમાં પણ શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે આવા નવતર પ્રયોગો ચાલુ રાખવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ સંસ્થામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે ભોજનાલયથી લઈને નિવાસ સુધીની તમામ વ્યવસ્થાઓ સુચારૂ અને અલગ રાખવામાં આવી છે. રવિવારે આયોજિત મોટિવેશનલ કાર્યક્રમો અને ફિલ્મ શો દ્વારા પણ વિદ્યાર્થીઓના માનસિક વિકાસ પર ભાર મૂકવામાં આવે છે. આ આયોજનને સફળ બનાવવા સ્કૂલ મેનેજમેન્ટ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. સંસ્થાના ટ્રસ્ટી મંડળ દ્વારા આ સફળ આયોજન બદલ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# અમરેલી જિલ્લામાં જૂના વાહનોના ખરીદ-વેચાણ અંગે કલેકટરનું જાહેરનામુ

**જાહેરનામાનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી હાથ ધરાશે**

અમરેલી,તા.૨૮

અમરેલીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સમગ્ર જિલ્લામાં જૂના વાહનોના વ્યવહાર અંગે એક મહત્વપૂર્ણ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ નવા આદેશ અનુસાર, હવે કોઈપણ જૂની મોટરસાયકલ, સ્કૂટર, થ્રી-વ્હીલર કે ફોર-વ્હીલર વાહનોનું વેચાણ કરનાર અને ખરીદનાર બંને પક્ષોએ નિયત નમૂનામાં રજિસ્ટર નિભાવવું ફરજિયાત રહેશે. આ રજિસ્ટરમાં વેચનાર અને ખરીદનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, આઈડી પ્રૂફ, એન્જિન અને ચેસીસ નંબર તેમજ વાહન વેચવાનું સચોટ કારણ જેવી તમામ વિગતોની ઝેરોક્ષ નકલ રાખવી પડશે. વધુમાં, વેપારીઓએ ગ્રાહકને ફરજિયાત બિલ આપવું પડશે અને ઓળખના પુરાવા મેળવવાના રહેશે. આ આદેશ આગામી તા. ૧૪ મે, ૨૦૨૬ સુધી અમલી રહેશે અને જો કોઈ આ નિયમનો ભંગ કરશે તો તેની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# મોટી કુંકાવાવ ખેતી વિકાસ સહકારી મંડળી જિલ્લામાં બીજા ક્રમે : રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩ લાખનું ઈનામ એનાયત

કુંકાવાવા, તા.૨૮

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓને આર્થિક રીતે પ્રોત્સાહિત કરવા અને તેમની કામગીરીમાં ગુણવત્તા લાવવા માટે સને ૨૦૨૫-૨૬ માટે વિશેષ ઈનામી યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના અંતર્ગત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક સાથે જોડાયેલ



શ્રી મોટી કુંકાવાવ ખેતી વિકાસ સેવા સહકારી મંડળીએ જિલ્લા કક્ષાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરીને સિદ્ધિ મેળવી છે. મંડળીની આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય સરકાર તરફથી રૂ.૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ)નું પ્રોત્સાહક ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. આ ઈનામની સત્તા રજિસ્ટ્રાર કચેરી ગાંધીનગર તથા રજિસ્ટ્રાર કચેરી અમરેલી દ્વારા આપવામાં આવી છે. જિલ્લા કક્ષાએ બીજો નંબર મેળવી મંડળીએ મેળવેલા આ ગૌરવને પગલે મંડળી સાથે જોડાયેલા ગામના તમામ સભાસદો અને ખેડૂતોમાં ભારે આનંદ અને ઉત્સાહની લાગણી ફેલાઈ છે. આ તકે મંડળીના પ્રમુખ પરસોતમભાઈ એચ. કુનડીયા તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ મંડળી વતી આ સફળતા બદલ સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો છે.

# લીલીયા મોટા ખાતે રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

લીલીયા, તા.૨૮

લીલીયા મોટા ખાતે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉત્સાહભેર અને ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે સ્થાનિક રામજી મંદિર ખાતે વિશેષ પૂજા-અર્ચના અને મહાઆરતીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા. આ પાવન પ્રસંગે સમગ્ર ગામમાં એક ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેણે નગરના મુખ્ય



માર્ગો પર આકર્ષણ જમાવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન સેવાના હેતુથી અમર ગ્રુપ લીલીયા દ્વારા ઠેર-ઠેર લચ્છી, ઠંડા પાણી અને શરબતની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયા તેમજ જીવનભાઈ વોરા, ભીખાભાઈ ધોરાજીયા અને જીગ્નેશ સાવજ જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નીતિનભાઈ ત્રિવેદી, ગૌતમભાઈ વિંછીયા, ભનુભાઈ ડાભી, વિજયભાઈ વિરાણી અને ખોડાભાઈ માળવિયા સહિતના સામાજિક અને રાજકીય આગેવાનોએ પણ શોભાયાત્રામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો.









# કેરીયા નાગસ પ્રાથમિક શાળામાં 'ગણિત-વિજ્ઞાન પ્રદર્શન' યોજાયું: વિદ્યાર્થીઓએ રજૂ કર્યા ૪૦ થી વધુ જીવંત પ્રયોગો

અમરેલી, તા.૨૮



વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મકતા ખીલે તેવા ઉમદા હેતુથી અમરેલીની કેરિયા નાગસ પ્રાથમિક શાળામાં 'શાળા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન' ઉત્સાહભેર યોજાયું હતું. આ પ્રદર્શનમાં શાળાના વિદ્યાર્થીઓએ ગણિત અને વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો પર આધારિત કુલ ૪૦ જેટલા જીવંત પ્રયોગો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાળવણી, ઊર્જા બચત અને આધુનિક ટેકનોલોજી જેવા વિષયો પર કૃતિઓ તૈયાર કરી હતી. ગણિત-વિજ્ઞાનના શિક્ષક કેતનભાઈ કાબરીયા અને AIFના સિધ્ધાર્થભાઈ બોરીસાગરના કુશળ માર્ગદર્શન હેઠળ બાળકોએ આત્મવિશ્વાસપૂર્વક નિદર્શન કર્યું હતું. શાળાના આચાર્ય રસીકભાઈ મહેતાએ આ પ્રવૃત્તિને ભવિષ્યના વૈજ્ઞાનિકો તૈયાર કરવાની દિશામાં મહત્વનું કદમ ગણાવ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ અને ગ્રામજનોએ વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.

# અમરેલીના ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે ૨૧ દિવસનો વિશ્વ શાંતિ મહાયજ્ઞ શરૂ

**ભારતીય વૈદિક સંસ્કૃતિ મુજબ વિદ્યાર્થીઓએ હનુમાનજી રક્ષા કવચ મંત્ર સાથે આપી ૧૦૮ આહુતિ**

અમરેલી, તા.૨૮



અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્કૂલ ખાતે આધુનિક યુગમાં ભારતીય વૈદિક સંસ્કૃતિની ધરોહરને જાળવવાના ભાગરૂપે સળંગ ૨૧ દિવસનો વિશ્વ શાંતિ મહાયજ્ઞ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પવિત્ર અવસરે સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા હનુમાનજી રક્ષા કવચ મંત્રના ગાન સાથે ૧૦૮ આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી. આ વૈદિક યજ્ઞ દ્વારા સમગ્ર કેમ્પસના વાતાવરણમાં આધ્યાત્મિકતા, પવિત્રતા અને સકારાત્મક ઉર્જાનો સંચાર થયો છે. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે, સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના સર્વાંગી શિક્ષણના સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે આ આયોજન કરાયું છે. આ યજ્ઞનો મુખ્ય હેતુ વિશ્વમાં ફેલાયેલી અશાંતિ અને યુધ્ધના માહોલને શાંત કરવાનો તેમજ વિદ્યાર્થીઓમાં નિયમિતતા, શિસ્ત, વડીલો પ્રત્યે આદર અને નિષ્ઠાવાન વ્યક્તિત્વ જેવા ઉચ્ચ જીવનમૂલ્યોનું સિંચન કરવાનો છે. આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં સકારાત્મક વિચારસરણી અને શ્રેષ્ઠ સંસ્કારોનું ઘડતર થાય છે. નોંધનીય છે કે વિદ્યાસભા સંસ્થામાં ભાઈઓ અને બહેનો માટે અલગ અને સુવ્યવસ્થિત નિવાસ તેમજ ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ છે. સંસ્થા દ્વારા રવિવારના દિવસે મોટિવેશનલ કાર્યક્રમો, ફિલ્મ શો અને વિવિધ ઉત્સવોની ઉજવણી પણ સુચારૂ રીતે કરવામાં આવે છે, જેનાથી વાલીઓનો સંસ્થા પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. આ યજ્ઞને સફળ બનાવવા માટે સ્કૂલ મેનેજમેન્ટ અને સ્ટાફ જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રસંગે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ તથા મનસુખભાઈ ધાનાણીએ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાજુલા-જાફરાબાદ પંથકમાં ૪૫ તળાવો ઉંડા ઉતારાશે

રાજુલા,,તા.૨૮



રાજુલા વિસ્તારમાં જળ સંકટના કાયમી નિવારણ માટે એક પ્રશંસનીય પહેલ હાથ ધરવામાં આવી છે. સ્વ. ખોડાભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ અને શિવશક્તિ પબ્લિક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે રાજુલા અને જાફરાબાદ તાલુકાના વિવિધ ગામોમાં કુલ ૪૫ જેટલા તળાવો અને ચેકડેમોને ઊંડા કરવાની કામગીરીનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમ ધારાસભ્ય હીરા સોલંકીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, જેમાં તેમના હસ્તે જ વિકાસકાર્યોનો પ્રારંભ કરાયો હતો. આ અભિયાનનો મુખ્ય હેતુ જળસ્તર ઊંચા લાવી ખેતી અને પીવાના પાણીની સમસ્યા હલ કરવાનો છે. કાર્યક્રમ દરમિયાન જળ સંરક્ષણ ક્ષેત્રે હીરા સોલંકીના યોગદાન બદલ તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીગ્નેશ પટેલ, મયુર દવે અને રાજુ પડસાલા સહિતના અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં માલધારી સમાજ, વેપારી મંડળ અને ખેડૂત સંગઠનોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ભગીરથ કાર્યથી આગામી ચોમાસામાં પાણીના સંગ્રહની ક્ષમતા વધશે, જેનાથી સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોને મોટો આર્થિક ફાયદો થવાની આશા છે.

# જનક તળાવીયાના પ્રયાસોથી બાબરાના લોંઘણવદર રોડ પર રૂ.૯૦ લાખના ખર્ચે નવો પુલ મંજૂર

બાબરા, તા.૨૮



બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત ધારાસભ્ય જનક તળાવીયાના અથાગ પ્રયાસોથી લોંઘણવદર એપ્રોચ રોડ પર રૂ.૯૦ લાખના ખર્ચે નવો પુલ મંજૂર કરવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી સ્થાનિક જનતાની વર્ષો જૂની માંગ પૂર્ણ થવા જઈ રહી છે, જેનાથી નોંઘણવદર સહિત આસપાસના અનેક ગામોના લોકોને વ્યાપક પ્રમાણમાં લાભ મળશે. અત્યાર સુધી વરસાદી ઋતુ દરમિયાન આ માર્ગ પર પાણી ભરાઈ જવાને કારણે વાહન વ્યવહાર વારંવાર અટકી જતો હતો. જેના લીધે ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો અને રોજિંદા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. હવે નવા પુલના નિર્માણ સાથે બારમાસી વાહન વ્યવહાર સરળ બનશે અને લોકો સુરક્ષિત રીતે અવરજવર કરી શકશે. આ સુવિધાથી ખેડૂતોને પોતાની ખેતપેદાશ બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે, તેમજ આરોગ્ય અને શૈક્ષણિક સેવાઓમાં પણ સુધારો થશે. ધારાસભ્ય જનક તળાવીયાએ આ તકે જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે મજબૂત રસ્તા અને પુલો પાયાની જરૂરિયાત છે. જનતાની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી સરકારમાં કરવામાં આવેલી રજૂઆતને મંજૂરી મળતા તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

# રાજુલાના દેવકા ગામે મંગળવારે કવિ સંમેલનનું આયોજન કરાયું

રાજુલા,તા.૨૮

રાજુલા તાલુકાના દેવકા ગામે આવેલી સુપ્રસિધ્ધ દેવકા વિદ્યાપીઠમાં આગામી ૩૧ માર્ચ ૨૦૨૬, મંગળવારના રોજ એક ભવ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. પ.પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના પાવન સાનિધ્યમાં યોજાનારા આ કાર્યક્રમનું શીર્ષક 'કાવ્યહેલી' રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમ GTPL ગુજરાતી ટીવી ચેનલ, દેવકા વિદ્યાપીઠ અને સૌરભ સાહિત્ય સંસ્થાન, રાજુલાના સંયુક્ત ઉપક્રમે યોજાશે. ટ્રસ્ટી ગૌતમભાઈ ઓઝા અને GTPL હેડ જયેન્દ્ર મીલવારના માર્ગદર્શન હેઠળ સાંજે ૫:૦૦ થી ૭:૩૦ દરમિયાન સંસ્થાના પ્રાર્થના હોલમાં કવિઓ પોતાની પ્રતિભા રજૂ કરશે. સંચાલન જાણીતા કવિ શૈલેષભાઈ પંડ્યા 'ભીનાશ' કરશે, જ્યારે સ્વાગત વિધિ વિજયભાઈ મહેતા સંભાળશે. અતિથિ વિશેષ તરીકે ધૈવતભાઈ ત્રિવેદી, ઈતેષભાઈ મહેતા અને મહેન્દ્રભાઈ જોષી ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. આ સંમેલનમાં હરજીવન દાફડા, સ્નેહી પરમાર, વિમલ અગ્રાવત અને તુષાર વ્યાસ સહિતના નવોદિત કવિઓ પણ પોતાની કાવ્યધારા વહેવડાવશે. સાહિત્ય પ્રેમીઓ માટે આ એક યાદગાર અવસર બની રહેશે.

**રૂા.૧.૫૧ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ હતી**

# અમરેલી તાલુકા પોલીસે નારાયણ મીલ કોલોનીમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો

અમરેલી,તા.૨૮



અમરેલી તાલુકા પોલીસે કુંકાવાવ રોડ પર આવેલી નારાયણ મીલની કોલોનીમાં બનેલી ઘરફોડ ચોરીની ઘટનાનો ગણતરીના કલાકોમાં પર્દાફાશ કરીને એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ કેસની વિગત મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ અમરેલીમાં રહેતા રાહુલભાઈ કુસ્વાહા પોતાના ઘરને તાળું મારી વતન ગયા હતા ત્યારે બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા શખ્સે આશરે ૧.૫૧ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આ ગંભીર ગુનાની તપાસ માટે પીઆઈ ઓ.કે. જાડેજાના માર્ગદર્શન હેઠળ વિશેષ ટીમોની રચના કરવામાં આવી હતી. પોલીસે બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ તેજ કરતા ફરિયાદીના જ વતનના અને પડોશમાં રહેતા અભિષેક ભરતસિંહ કુસ્વાહા પર શંકા ગઈ હતી. સઘન પૂછપરછ દરમિયાન આરોપીએ ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી આશરે ૧.૧૨ લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ રિકવર કર્યો છે, જેમાં સોનાની ચેઈન, ટીકો, વીંટી અને ચાંદીની વસ્તુઓનો સમાવેશ થાય છે. પોલીસે ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલીને પ્રશંસનીય કામગીરી કરી છે.

**પોલીસે સોનાની ચેઈન, ટીકો, વીંટી અને ચાંદીની વસ્તુઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો**

# લીલીયા ખાતે ડીઈઓએ પેપર ચકાસણી કેન્દ્રની મુલાકાત લીધી

અમરેલી,તા.૨૮



અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહ ગોહિલે લીલીયા સ્થિત અમૃતબા વિદ્યાલય ખાતે ધોરણ ૧૨ બોર્ડ પરીક્ષા પેપર મુલ્યાંકન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પેપર ચકાસણીની કામગીરી કરી રહેલા શિક્ષકો સાથે સીધો સંવાદ કરી પ્રક્રિયાની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે કેન્દ્ર સંચાલક ડૉ. હસમુખ કરડ, બોરસાણીયા અને અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## અવસાન નોંધ

**દામનગર**

હુસેનભાઇ મહમદઅલી માંકડા (ઉ.વ.૮૬) તે બુરહાનુદ્દીનભાઇ, જૈનુદિનભાઇ, સૈફુદ્દીનભાઇ તથા જુમાનાબેન ઝુઝરભાઇ બગસરાવાળાના બાવાજી તા.૨૭-03-૨૦૨૬ને શુક્રવારના રોજ વફાત થયા છે. મરહુમના જયારત-ફાતેહા તા.૨૯-03-૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે દામનગર મસ્જિદમાં રાખેલ છે.

**અમરેલી**

સ્વ. શ્રી ભાવેશભાઈ દુલાભાઈ કાબરીયા (ઉ.વર્ષ ૪૩)નું તા.૨૮/03/૨૦૨૬ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ દુલાભાઈ ભગવાનભાઇ કાબરીયાના પુત્ર અને ચેતન (બાવ) દુલાભાઈ કાબરીયાના ભાઈ થાય છે. તેમની અંતિમ યાત્રા તા.૨૯/03/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૦૭:૩૦ કલાકે તેમના નિવાસ સ્થાને ખોડિયાર નગર, રેલવે ફાટક પાસે,લીલીયા રોડ અમરેલીથી કૈલાશ મુક્તિધામ ખાતે જશે.

**રાજકોટ**

મોહનભાઇ પરસોત્તમભાઈ તન્નાનું તા. ૨૭ના રોજ અવસાન થયેલ છે. તેઓ સ્વ. પરસોત્તમભાઈ તન્નાના પુત્ર તથા ઉર્મિલાબેન, ભાવનાબેન, રેખાબેન, બીનાબેન, નીલાબેન તથા અનિલભાઈ તન્નાના પિતા તેમજ હેતલબેનના સસરા થાય છે. બેસણુ તથા ઉઠમણું તા. 30ને સોમવારે સાંજે ૫ થી ૬.30, જાગનાથ મંદિર, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# અમરેલી સીટી પોલીસ દ્વારા ગુમ થયેલ હીરાનું પેકેટ શોધી પરત અપાયુ

અમરેલી,તા.૨૮



અમરેલીના રહેવાસી અજયભાઈ મોહનભાઈ દાફડા ગત તા. ૨૭/૦૩/૨૦૨૬ના રોજ ચક્કરગઢ રોડ પર હીરાનું પેકેટ ક્યાંક પાડી બેઠા હતા. આ પેકેટમાં અંદાજે રૂ.૯,૦૦૦ની કિંમતના ૧૨૪ નંગ હીરા હતા. અરજદારે આ અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા, પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે. વાઘેલા અને તેમની સર્વેલન્સ ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. નેત્રમની ટેકનિકલ મદદથી પોલીસે ટૂંકા સમયમાં આ હીરાનું પેકેટ શોધી કાઢી અરજદારને સુપરત કર્યું હતું.













# અમરેલી જિલ્લાના બે શિક્ષકોનો વાંકિયા ખાતે વિદાય સમારંભ યોજાયો

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લાના શિક્ષણ જગતમાં દીર્ઘકાલીન સેવા આપનાર અર્થશાસ્ત્ર અને વાણિજ્ય વિષયના બે વરિષ્ઠ શિક્ષકોનો નિવૃત્તિ સન્માન સમારોહ તારીખ ૨૭-૦૩-૨૦૨૬ના રોજ વાંકીયા ખાતે અત્યંત ભાવુક વાતાવરણમાં સંપન્ન થયો હતો. કલાપી વિનય મંદિરના ડાયાભાઈ ખાણીયા




અને કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના પ્રફુલ્લાબેન ઘોઘલીયાના માનમાં યોજાયેલા આ કાર્યક્રમની અધ્યક્ષતા આચાર્ય સેજલબેન પટોળીયાએ કરી હતી. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખ તુલસીભાઈ મકવાણા અને અન્ય મહાનુભાવોએ નિવૃત્ત થતા શિક્ષકોને શાલ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમના નિરામય જીવનની કામના કરી હતી. કાર્યક્રમ દરમિયાન સહકર્મચારીઓએ જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. આ પ્રસંગે જિલ્લામાં નવનિયુક્ત ૧૩ જ્ઞાનસહાયક શિક્ષકોનું પણ પુષ્પગુચ્છ અને કલમ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં અકસ્માતના વધુ ત્રણ બનાવ: પુલ પરથી બાઈક ખાડામાં ખાબકતાં એકનું મોત

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લાના રોડ રસ્તા રક્તરંજિત થવાનો સિલસિલો શરૂ રહ્યો હતો. અકસ્માતના વધુ ત્રણ બનાવ નોંધાયા હતા. જેમાં એકનું મોત થયું હતું. બાબરાના વાવડા ગામે રહેતા વિપુલભાઈ વિઠ્ઠલભાઈ પરમાર (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, ડમ્પર ચાલકે વાગ્યે વાવડાથી કોટડાપીઠા વચ્ચે આવેલ ખોડીયાર માતાજીના મંદિર પાસે તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પરમારના મોટર સાયકલને ટક્કર મારી હતી. જેમાં તેમને માથામાં હેમરેજ થયું હતું.

અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. બીજા બનાવમાં ધારીમાં રહેતા સુરેશભાઈ કુરજીભાઈ સોલંકી (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેના પિતા કુરજીભાઈ રાણાભાઈ સોલંકી (ઉ.વ-૬૫) ધારી માર્કેટ યાર્ડમા શાકભાજીના ખાલી કેરેટ મુકી ગેઈટની બહાર નીકળતા ધારી ગ્રામ પંચાયત તરફથી એક લીલા કલરની રીક્ષા ચાલકે પોતાની હવાલાની રીક્ષા બેફીકરાઈથી અને પુરપાટ ઝડપે તથા માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ટક્કર મારી હતી.

જેમાં તેમને માથાના ભાગે ટાંકા આવે તેવી તેમજ કપાળના ભાગે ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ચાલક રીક્ષા લઈ નાસી છૂટ્યો હતો.

# બાબરામાં કચરો સળગાવવાની ના પાડતા પડોશીને માથામાં લોખંડનો ટુકડો ઝીંક્યો

બાબરા, તા.૨૮

બાબરા શહેરમાં સામાન્ય બાબતે પડોશીઓ વચ્ચે લોહિયાળ જંગ ખેલાયો હોવાની ઘટના સામે આવી હતી. ઘર પાસે કચરો સળગાવવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સે ફરિયાદી પર હિંસક હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. શૈલેષભાઈ પ્રધ્યુમનભાઈ માંડાણી (ઉ.વ.૫૧) એ શ્યામભાઈ હિંમતભાઈ તેરૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી તેમના ઘરની દીવાલ પાસે આરોપી કચરો સળગાવી રહ્યો હતો. કચરો સળગવાને કારણે દીવાલ અને ઘરને નુકસાન થવાની ભીતિએ તેમણે આરોપીને ત્યાં કચરો ન સળગાવવા વિનંતી કરી હતી. આ બાબતે આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ફરિયાદી સાથે બોલાચાલી કરી બેફામ ગાળો ભાંડી હતી.

આરોપીએ પૂર્વઆયોજિત કાવતરું હોય તેમ પોતાના રૂમાલમાં લોખંડનો ટુકડો બાંધેલો રાખ્યો હતો. ગાળાગાળી દરમિયાન આ રૂમાલ વડે તેમના માથાના ભાગે પ્રહાર કર્યો હતો. હુમલો એટલો ગંભીર હતો કે તેમને માથામાં લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા, જ્યાં તેમને માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા. હેડ કોન્સ્ટેબલ અનોપસિંહ જી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના હિરાણા ગામે પુત્રએ માતાની આંગળીએ બચકું ભરી ટેરવું કાપી નાંખ્યું

**માતા-પિતાને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી**

લાઠી, તા.૨૮

લાઠીના હિરાણા ગામે પુત્રએ માતાની આંગળીએ બચકું ભરી ટેરવું કાપી નાંખ્યું હતું. તેમજ માતા-પિતાને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે ગૌરીબેન ઉર્ફે ગવુબેન વાલજીભાઈ નરજીભાઈ કુકવાવાએ પુત્ર પ્રકાશભાઈ વાલજીભાઈ કુકવાવા સામે ફરિયાદ નોંધાવી હતી. પુત્ર તેના પિતા સાથે ઝઘડો કરતા હોય અને તેઓને બટકું ભરી ગયો હતો. તે વખતે તેઓ તેમના પતિને છોડાવવા વચ્ચે પડતા જમણાં હાથની બીજી આંગળીએ બચકું ભરી જઈ આંગળીનું ટેરવું કાપી નાંખ્યું હતું. તેમજ તેમને તથા તેના પતિને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એન.ગરૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદ ખાતે શિયાળબેટ બોટ એસો. ના હોદ્દેદારોની વરણી કરાઈ

જાફરાબાદ,તા.૨૮

જાફરાબાદના પીપળીકાંઠા સ્થિત લાલબત્તી વિસ્તારમાં આવેલા બાપા સીતારામ મંદિરે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં શિયાળબેટ બોટ એસોસિએશનના પ્રમુખ તરીકે મુકેશભાઈ બારૈયા તથા ઉપપ્રમુખ તરીકે દીતાભાઈ શિયાળ અને દિનેશભાઈ બારૈયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો



અને સ્થાનિકોએ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રમુખે તમામનો આભાર માનતા જણાવ્યું કે તેઓ માછીમાર સમાજના વિકાસ અને બોટ માલિકો તેમજ શ્રમિકોની સમસ્યાઓના ઉકેલ માટે એકજૂટ થઈને કાર્ય કરશે.

# અમરેલીમાં 'શ્રી રામ પ્રાગટ્ય પાવન યાત્રા' નિમિત્તે લાયન્સ ક્લબ દ્વારા શરબત વિતરણ કરાયું

અમરેલી, તા.૨૮

અમરેલી શહેરમાં રામનવમીના પવિત્ર પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા 'શ્રી રામ પ્રાગટ્ય પાવન યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા શ્રધ્ધાળુઓ માટે શરબત વિતરણનો વિશેષ સેવાકીય




કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સેવાકાર્યમાં લાયન્સ પરિવારના સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. લાયન્સ ક્લબના પ્રમુખ બકુલરાય ભટ્ટ, સેક્રેટરી રજનીકાંત ધોરાજીયા, નાનુ દાદા તળાવીયા, ડી.સી. કાંતિભાઈ વઘાસિયા, કૌશિકભાઈ હપાણી, વિજયભાઈ રાદડિયા, હરેશભાઈ ધોરાજીયા અને ઘનશ્યામભાઈ સહિતના લાયન્સ સદસ્યોએ હાજર રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શોભાયાત્રાના રૂટ પર લાયન્સ પરિવાર દ્વારા કરવામાં આવેલા આ શરબત વિતરણને ભક્તોએ આવકાર્યું હતું.

# મહેશ કસવાળાના હસ્તે રેલવે સ્ટેશન પર ૯ કરોડના ખર્ચે 'ફૂટ ઓવર બ્રિજ'નું લોકાર્પણ

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલા શહેર અને આસપાસના મુસાફરોની લાંબા સમયની માંગણીને સંતોષતા, ૧૨ મીટરની વિશાળ પહોળાઈ ધરાવતા નવ કરોડના ખર્ચે બનેલ અદ્યતન 'ફૂટ ઓવર બ્રિજ'નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ



તેમજ ભારતીય જનતા પાર્ટીના અગ્રણી કાર્યકર્તાઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યના હસ્તે આ બ્રિજને જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ સાથે જ રેલવે સ્ટેશન નજીકની ખુલ્લી જમીન માટે પ્રોટેક્શન વોલનું પણ વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી પ્લેટફોર્મ બદલવા માટે મુસાફરોને જે અગવડતા પડતી હતી, આ આધુનિક ઢબના બ્રિજથી વૃધ્ધો અને બાળકો સહિતના તમામ મુસાફરો હવે રેલવે સ્ટેશન પર સુરક્ષિત અને સરળતાથી અવરજવર કરી શકશે.

## સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ (શાકભાજી)★** | | |
| કેરી કાચી | ૬૨૯ | ૧૦૧૯ |
| લીંબુ | ૧૬૨૭ | ૩૩૧૪ |
| સાકરટેટી | ૧૯૮ | ૪૦૬ |
| તરબુચ | ૧૪૨ | ૩૦૩ |
| પપૈયા | ૬૪ | ૧૧૩ |
| બટેટા | ૯૯ | ૨૫૬ |
| ડુંગળી સુકી | ૫૨ | ૨૫૦ |
| ટમેટા | ૯૧ | ૨૮૪ |
| સુરણ | ૮૧૪ | ૧૦૨૫ |
| કોથમરી | ૧૭૮ | ૩૧૨ |
| સકરીયા | ૨૪૮ | ૪૫૨ |
| મુળા | ૩૪૧ | ૬૦૨ |
| રીંગણા | ૨૧૩ | ૪૦૭ |
| કોબીજ | ૬૪ | ૧૦૪ |
| ફ્લાવર | ૨૧૭ | ૩૭૪ |
| ભીંડો | ૭૦૯ | ૯૪૮ |
| ગુવાર | ૯૧૧ | ૧૨૨૭ |
| ચોળાસીંગ | ૫૫૪ | ૮૨૭ |
| વાલોળ | ૫૮૨ | ૭૯૮ |
| ટીંડોળા | ૪૮૮ | ૮૦૭ |
| દુધી | ૧૮૯ | ૩૦૧ |
| કારેલા | ૪૧૨ | ૬૦૫ |
| સરગવો | ૨૧૩ | ૫૧૭ |
| તુરીયા | ૫૬૮ | ૭૭૧ |
| પરવર | ૧૨૩૮ | ૧૫૨૮ |
| કાકડી | ૩૦૪ | ૫૦૮ |
| ગાજર | ૧૭૨ | ૩૦૮ |
| વટાણા | ૧૦૧૫ | ૧૨૨૪ |
| ગલકા | ૪૩૨ | ૬૧૧ |
| બીટ | ૭૧ | ૧૨૪ |
| મેથી | ૧૬૮ | ૩૦૮ |
| વાલ | ૭૬૪ | ૮૮૧ |
| ડુંગળી લીલી | ૧૮૪ | ૨૮૯ |
| આદુ | ૧૦૨૬ | ૧૨૧૨ |
| મરચા લીલા | ૪૦૭ | ૬૧૨ |
| લસણ લીલું | ૧૦૦૫ | ૧૪૧૨ |
| મકાઇ લીલી | ૧૪૧ | ૨૨૨ |
| **ગોંડલ (શાકભાજી)★** | | |
| ટમેટા | ૬૦ | ૨૪૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૩૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૮૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૮૦ | ૬૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| વાલ | ૧૮૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૫૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૫૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૩ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૭ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| [illegible] | ૫૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૩ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૮૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૧૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨ | ૪ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી (શાકભાજી)★** | | |
| બટેટા | ૧૮૦ | ૨૨૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| શક્કરિયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટા | ૧૫૦ | ૨૪૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૧૫૦ |
| ગુવાર | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચોળા લીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૨૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૧૫૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૯૦૦ |
| લસણ સૂકું | ૧૦૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૩૫૦ | ૪૫૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મકાઇ | ૧૫૦ | ૨૫૦ |
| **મહુવા★** | | |
| એરંડા | ૧૧૦૬ | ૧૧૦૬ |
| જુવાર | ૩૩૩ | ૯૭૩ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૭૦૦ |
| ધાણા | ૧૪૬૧ | ૧૯૮૦ |
| અડદ | ૫૩૦ | ૫૩૦ |
| મગ | ૯૦૦ | ૧૦૪૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૧ |
| તલ સફેદ | ૧૬૮૦ | ૨૩૩૫ |
| તલ કાળા | ૧૦૦૦ | ૩૪૦૦ |
| તુવેર | ૧૨૩૫ | ૧૪૭૦ |
| જીરૂ | ૨૮૧૦ | ૩૬૦૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૨૫૪ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૮૯ |
| નાળીયેર | ૪૮૬ | ૨૯૫૫ |

# અમરેલી જિલ્લામાં ભાડુઆતની નોંધણી અંગે પોલીસને જાણ કરવી

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં મકાન, દુકાન, ઔદ્યોગિક એકમ કે ગોડાઉન જેવી મિલકતો ભાડે આપતા માલિકો માટે હવે પોલીસને જાણ કરવી અનિવાર્ય બની છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ આ આદેશ જારી કર્યો છે. મકાનમાલિકે ભાડુઆત પાસેથી જરૂરી આધાર-પુરાવા મેળવી નિયત નમૂનામાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં વિગતો જમા કરાવવાની રહેશે. જો કોઈ માલિક આ નિયમનો ભંગ કરશે, તો તેમની સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. હેડ કોન્સ્ટેબલ અને તેથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને ફરિયાદ નોંધવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. આ જાહેરનામું સમગ્ર જિલ્લામાં તા.૧૪.૦૫.૨૦૨૬ સુધી અમલી રહેશે, જેથી સુરક્ષાના હેતુસર તમામ નાગરિકોએ આ સૂચનાનું ચુસ્તપણે પાલન કરવું આવશ્યક છે.

# બાબરા શહેરમાંથી ૧૪૪ વિદેશી દારૂની બોટલ સાથે એક ઝડપાયો

બાબરા,,તા.૨૮

અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળની ટીમે બાબરા ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. રાજકોટ-ભાવનગર હાઈવે પરથી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરતા પોલીસે એક પરપ્રાંતિય શખ્સને ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે પકડી પાડ્યો હતો. આ દરોડામાં વોડકાની કુલ ૧૪૪ બોટલા વિદેશી દારૂની બોટલ અને એક મોબાઈલ ફોન મળી કુલ ૩૧,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલ આરોપી સાંગસિંગ



અર્જુનસીંગ સોઢા રાજસ્થાનના બિકાનેર જિલ્લાનો રહેવાસી છે. આ ગુનામાં સંડોવાયેલ અન્ય બે આરોપીઓ, જયરાજ દેહાભાઈ વાળા અને વિવેક પ્રવિણભાઈ પોપટને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે અને આગળની તપાસ અર્થે તમામ મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.

# અમરેલી જિલ્લા વિદ્યાસભા અને શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા શહીદ દિનની સ્મૃતિમાં રક્તદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લા વિદ્યાસભા તથા શાંતાબા મેડિકલ કોલેજ, અમરેલીના સંયુક્ત ઉપક્રમે શહીદ દિનની સ્મૃતિમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજની લાઈબ્રેરી ખાતે સવારે ૧૦:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી યોજાયેલા આ કેમ્પમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રક્તદાન કેમ્પમાં વિદ્યાસભા




સંચાલિત કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, કે. કે. પારેખ કોમર્સ કોલેજ, મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ તેમજ મણીબા નર્સિંગ કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો અને વહીવટી કર્મચારીઓ જોડાયા હતા. આ સફળ આયોજન બદલ વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને ચતુરભાઈ ખુંટે તમામ રક્તદાતાઓ અને સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી.

# જાફરાબાદના લુણસાપુર પે-સેન્ટર શાળા ખાતે વાર્ષિકોત્સવનું આયોજન


અમરેલી,તા.૨૮

જાફરાબાદ તાલુકાની લુણસાપુર પે સેન્ટર શાળા ખાતે વાર્ષિકોત્સવ 'ઉડાન ૨.૦' નું અત્યંત ઉત્સાહભેર અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ જગતના અગ્રણીઓ અને સ્થાનિક નેતાઓની ગરિમામય ઉપસ્થિતિ જોવા મળી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જાફરાબાદ તાલુકા કેળવણી નિરીક્ષક બળવંતભાઈ સાંખટ અને સચીનભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે લુણસાપુર ક્લસ્ટરના સી.આર.સી. હરેશભાઈ ડોડીયા, બી.આર.પી. રાજેન્દ્રભાઈ દવે તથા લુણસાપુર ગ્રામ પંચાયતના સરપંચ પ્રકાશભાઈ કોટીલાએ હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત તાલુકા પંચાયત સદસ્ય શિવરાજભાઈ કોટીલા, નવી જીકાદ્રીના સરપંચ પ્રકાશભાઈ વરૂ અને તલાટી દશરથસિંહ ગોહીલ પણ સહભાગી થયા હતા. વિશેષ આકર્ષણ તરીકે અમરેલી જિલ્લા અને ગુજરાત રાજ્યનું ગૌરવ એવા રાઘવભાઈ કટકીયા (રઘુ રમકડું) એ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.



06

**વાર્તા વિશ્વ : ના, તારો પ્રેમ એ પાગલપન નથી**



06

**સપ્તરંગ: પ્રેમની ઓછપમાં દોષ દેખાયા કરશે ને ભરપૂર પ્રેમમાં અવગુણ દૂર દૂર ફંગોળાઇ જશે...!**

# આદિત્ય ધર: રમેશ સિપ્પી, યશ ચોપડા, સુભાષ ઘઈ, રામગોપાલ વર્માનું સુપર્બ કૉમ્બિનેશન

‘ધૂરંધર ૨’એ પણ પહેલી જ ફિલ્મની જેમ ધમાલ મચાવી છે અને આ ફિલ્મ પણ આદિત્ય ધરની ‘માસ્ટરપીસ’ છે. બળતરા કરનારા ભલે માત્ર સંજય લીલા ભણશાળી, વિશાલ ભારદ્વાજની હિન્દુ વિરોધી કૃતિઓને માસ્ટરપીસ કહે, પરંતુ તેનાથી સત્ય ફરી નથી જતું. દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંત, અલ્લુ અર્જુન, જુનિયર એનટીઆર, મહેશ બાબુ, ઋષભ શેટ્ટી મહાન નિર્દેશક રાજામૌલી અને એક સમયના મહાન નિર્દેશક રામગોપાલ વર્મા, આર. શરતકુમાર, રણજીત શંકર વગેરે આ ફિલ્મ પર લાહોર-કરાચી-ઢાકા વારી ગયા છે.

પરંતુ રિવ્યૂખોરો અને સેક્યુલર મીડિયાએ નાની-નાની વાત પકડીને ફિલ્મનો નબળો રિવ્યૂ કર્યો છે અને ફિલ્મને નબળી બતાવી છે. ‘ધ હિન્દુ’ કહે છે કે પહેલી ફિલ્મ જેવી મજા ‘ધૂરંધર ૨’માં ન આવી. કુખ્યાત એનડીટીવીથી કુખ્યાત અભિસાર શર્મા પણ આવું જ કહે છે. (એટલે હવે કહે છે કે ધૂરંધર પહેલી સારી હતી. એ વખતે કહેતાં જોર પડતું હતું?) આરફા ખાનમ શેરવાનીએ કહ્યું, “હું ચાર કલાક અફીણ ખાઈને આવી છું.” (કોઈએ સમ દીધા હતા?)

સેક્યુલર શેખર ગુપ્તાના ‘ધ પ્રિન્ટે’ શોધીશોધીને એ વાત શોધી કે ફિલ્મમાં મહિલા પાત્રની ભૂમિકા નગણ્ય છે. (તો ‘૭૦ના દાયકામાં અમિતાભ બચ્ચન, વિનોદ ખન્ના, શત્રુઘ્નસિંહા, ધર્મેન્દ્રની ફિલ્મોમાં બહુ સશક્ત રહેતી હતી? સંજય દત્ત, અજય દેવગન, અક્ષયકુમાર, સુનિલ શેટ્ટીની ફિલ્મોમાં કઈ હિરોઇનનું પાત્ર શક્તિશાળી હતું?)

અને ઉર્દૂવુડના મોટા ભાગના કલાકારોએ તો મોઢામાં મગ જ ભરી લીધા છે. પોતાના દીકરા અભિષેક અને દોહિત્ર અગત્સ્ય નંદાની ભંગાર (દા. ત. ઈક્કીસ) ફિલ્મના પણ વખાણ કરતા અમિતાભ બચ્ચન, શાહરુખ ખાન, સલમાન ખાન, આમિર ખાન, સૈફ અલી ખાન, કરીના કપૂર ખાન, આલિયા ભટ્ટ, અરે ! ‘ધૂરંધર’ના ખૂબ પ્રશંસા પામેલા હીરો રણવીરસિંહની ‘જેએનયૂ પ્રેમી’ પત્ની દીપિકા પદુકોણ બધાં મૌન છે.

સેક્યુલર ટોળકી આ ફિલ્મને કાલ્પનિક પ્રૉપેગેન્ડા બતાવી રહી છે. પરંતુ આ રહી ફિલ્મનાં પાત્રો અને તેની વાસ્તવિક સચ્ચાઈ:

શેર એ બલોચ શેરાનીનું પાત્ર મૌલાના મોહમ્મદ ખાન શેરાની પરથી પ્રેરિત છે.

ઝરવારીનું પાત્ર આસીફ અલી ઝરદારી પરથી છે જેમને મિ. ટેન પર્સેન્ટ કહેતા હતા. બેનઝીર ભુટ્ટો વડા પ્રધાન હતા ત્યારે ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ દસ ટકા કમિશન આપવું પડતું તેવા આક્ષેપો ઝરદારી પર થયા હતા.

સિંધના રાજકારણી નબીલ ગબોલે તો ‘ધૂરંધર’ (પહેલી) જોઈને જમીલ જમાલીનું પાત્ર પોતાના પરથી પ્રેરિત હોવાનું ગર્વભેર કહ્યું પણ ‘ધૂરંધર ૨’માં તેમને ભારતીય એજન્ટ બતાવાતાં તેમણે નકારી કાઢ્યું. પરંતુ આ સામ્યતાઓ કેવી રીતે નકારી શકાશે? નબીલ ગબોલ લ્યારીમાં જન્મેલા બલોચ નેતા છે, તેઓ ૨૦૧૩ સુધી પીપીપીમાં રહ્યા, તેની ટિકિટ પરથી ચૂંટાતા રહ્યા અને ૨૦૧૩માં એમક્યૂએમ પક્ષમાંથી ચૂંટાયા અને પછી ૨૦૧૭માં ફરીથી પીપીપીમાં પાછા ફર્યા. એક-એક પાત્રની વાત કેટલી ઝીણવટભરી રીતે સંશોધન કરી ફિલ્મમાં નખાઈ છે- બતાવાઈ છે.

પાકિસ્તાનનું ‘ધ ડૉન’ એમ કહેતું હોય કે રહેમાન ડકૈતને સિંધના રાજકારણીઓ સાથે સારા સંબંધો હતા અને પછી




તેણે રાજકારણીઓની ઓથ ગુમાવી હતી તો ખોટું?

અબ્દુલ ભુટ્ટાવીએ ત્રાસવાદી સંગઠન લશ્કર એ તઈબા બનાવ્યું હતું તે વાત ખોટી છે? તે મુરિદકેની જેલમાં હાર્ટ ઍટેકથી માર્યો ગયો હતો તે તો પાકિસ્તાનના સમાચારપત્રો પણ કહે છે, પરંતુ પોતાના પૉપકૉર્ન-સમોસા-કૉકથી મફત ફિલ્મ જોઈ કલાકારોને ટેગ કરીને તેમના વખાણ કરતા પણ સ્ક્રિપ્ટ ખરાબ હોવાનું કહી ગોળગોળ રિવ્યૂ લખનારા બચુડાઓને પાકિસ્તાનના સમાચાર પત્રો વાંચવાની નવરાશ હોય તો ને? એમનો અડધો સમય તો મોદીને ટ્રૉલ કરવામાં જ જાય.

રીલમાં ડીજીપી સંજયકુમાર અને રિયલ ડીજીપી પ્રશાંતકુમારનો ચહેરોમહોરો, મૂછ બધું જોઈ લો.

ઈવન અસલમ ચૌધરીના જુનિયર ઓમાર શાહીદનું પણ સાચુ નામ છે અને કલાકાર-રિયલ પોલીસ બંનેની સામ્યતા જોજો. એટલું જ નહીં, ઓમાર શાહીદ (સિંધના સાચા પોલીસ અધિકારી)એ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે ભારતની જાસૂસી સંસ્થા ‘રૉ’એ લ્યારીની અપરાધી ગેંગોમાં પોતાના એજન્ટોને ઘૂસાડી સાંપ્રદાયિક હિંસા ભડકાવી હતી. (૧૭ નવેમ્બર ૨૦૨૦નું પાકિસ્તાનનો સમાચારપત્ર ‘ધ ડૉન’)

હિન્દુ વિરોધી એજન્ડા ચલાવનાર કાદર ખાનની સુનિલ ગ્રોવર દ્વારા મિમિક્રી (એ સારી જ હતી)માં એક કારણ તેના મેકઅપ કલાકારની કમાલ પણ છે. તેનો મેકઅપ અદ્દલ જેવો કરે છે. સંવાદ લેખક પણ એ જ પ્રકારના સંવાદ લખે છે. સુનિલ ગ્રોવરની પ્રશંસા કરતા લોકો ‘ધૂરંધર’ માટે મોઢું ફેરવી લે છે. આ બંને ફિલ્મોમાં દરેક મુખ્ય કલાકારનો ગેટ અપ, અભિનય તે પાત્ર જેના પરથી પ્રેરિત હોય તેના જેવું જ હોય, ચહેરોમહોરો કુદરતી રીતે મળતો આવતો હોય. દા. ત. એસ. પી. અસલમ ચૌધરી અને સંજય દત્તનો ચહેરોમહોરો કેટલો મળતો આવે છે. સાચો અજમલ કસાબ અને પડદા પરનો અજમલ કસાબ કેટલો બધો મળતો આવે છે ! આ જ રીતે મશહૂર અમરોહીને નવાબ શફીક તરીકે જોઈને નવાઝ શરીફ પોતે પણ વિસ્મય પામી જાય કે મેં ક્યારે આ ફિલ્મમાં અભિનય કર્યો? ઉઝૈર બલોચને દુબઈ આંતરરાષ્ટ્રીય વિમાન મથક પરથી ઈન્ટરપૉલ દ્વારા પકડવામાં આવ્યો, અને ૨૦૨૦માં તેને બાર વર્ષની જેલની સજા થઈ અને તેના પર ઈરાન અને ભારત માટે જાસૂસીના આક્ષેપો લાગ્યા, તે પણ પાકિસ્તાનવાળાએ ‘ધૂરંધર ૨’ને સાચી પાડવા માટે જ અગાઉથી કહી દીધું હશે ને?

અતીક અહમદ વિધાનસભા અને સંસદમાં પહોંચી ગયો તેનો અર્થ એ નથી કે તેના અપરાધો પર પડદો પડી ગયો. અતીક અહમદે પોતે પોલીસ પૂછપરછમાં તેના આઈએસઆઈ જોડાણ વિશે સ્વીકારેલું. પરંતુ સેક્યુલર રિવ્યૂખોરો તો તેમના આકા કહેશે તોય નહીં સ્વીકારે.

કાસ્ટિંગ એમ ને એમ નથી કરી દેવાયું. માધવનનો મેળ અજિત દોભાલના પાત્ર માટે બધી રીતે ખાતો હતો પરંતુ હજુ કંઈ ખૂટતું હતું. પછી ખબર પડી કે તેનો હોઠ જાડો છે. આથી હોઠને પાતળા કરી દેવાયા.

ફિલ્મની કથા ભલે કાલ્પનિક રંગોથી મિશ્રિત હોય, પરંતુ વાસ્તવિક પાત્રો પર આધારિત કથાને વાસ્તવિકતાનો ઢોળ ચડાવવા દાઉદ ઈબ્રાહિમના ઘરનો નંબર પણ ૧૩ બતાવાયો છે. આમ તો ઝડપથી ચાલતા દશ્યોમાં કોઈને બરાબર ધ્યાને પણ ન પડે, પરંતુ હવે તો પૉઝ કરીને ઝૂમ કરીને જોઈ શકાય છે. આટલું ઝીણું કાંત્યું છે આદિત્ય ધરે. ૧૮ ડિસેમ્બર ૨૦૨૩નો ઈકૉનૉમિક ટાઈમ્સનો રિપૉર્ટ કહે છે કે દાઉદ ઈબ્રાહિમને ઝેર અપાતાં તેને હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. કંદહાર અપહરણ કાંડના ત્રાસવાદી ઝહૂર મિસ્ત્રીને અજાણ્યા બંદૂકધારીએ મારી નાખ્યો તેવું તો પાકિસ્તાનનું મીડિયા પણ સ્વીકારે છે,

જાવેદ ખનાની અને અલ્તાફ ખનાની, ‘ખનાની ઍન્ડ કાલિયા ઈન્ટરનેશનલ’ (કેકેઆઈ) નામનું વૈશ્વિક હવાલા નેટવર્ક ચલાવતા હતા જેને અમેરિકાએ ત્રાસવાદીઓને ફંડ આપવા માટેની સંસ્થા ગણાવી હતી. અને એવું રાતોરાત શું બન્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ નવેમ્બર ૨૦૧૬એ નોટબંધી જાહેર કરી અને તેના ૨૬ જ દિવસમાં જાવેદ ખનાની એક બાંધકામ હેઠળના ભવન પરથી પડીને મરી ગયો

**વિચાર વલોણું**



**જયવંત પંડ્યા**

અને પાકિસ્તાની સત્તાવાળાઓએ તેને આપઘાત જાહેર કર્યો. ‘ધૂરંધર ૨’માં તેને હમઝા (ભારતીય એજન્ટ જસકિરત) દ્વારા મારી નખાયો બતાવવામાં આવે છે, પણ માનો કે તેણે આપઘાત કર્યો તો આપઘાત શું નોટબંધીના કારણે તેનું ભારતના કૉંગ્રેસી ‘લુંગી’ પ્રધાન અને તેમના દીકરાના સહયોગથી ચાલતા ફૅક કરન્સીનું કામ બંધ પડી જવાથી પૈસા ડૂબી જવાના કારણે આપઘાતનો વારો આવ્યો હશે ને?

અને સપ્ટેમ્બર ૨૦૧૬માં જ જાવેદના અપરાધી ભાઈ અલ્તાફ ખનાનીની અમેરિકામાં ડ્રગ વિભાગે કાળાં નાણાંને ધોળાં કરવા માટે ધરપકડ કરી એ સમાચાર પણ ખોટા ને? મોદી તો અમેરિકાના મીડિયાને પણ મેનેજ કરી ખોટા સમાચાર છપાવતા હશે ને? પણ અહીંના બચુડાઓને અને આરફા ખાનમ શેરવાની અને તેમની ઈંક વગરના મશીનમાંથી કઢાયેલી ગુજરાતી ઝેરૉક્સ કૉપીઓને માત્ર મોદીનો વિરોધ કરવો છે એટલે બધું પ્રૉપેગેન્ડા લાગે છે.

હમઝા જ્યારે તેના મિત્રને મારે છે ત્યારે તેને પોતાનો કાળ સિંહ તરીકે જસકિરત દેખાય છે. આર્ટ અને કૉમર્શિયલ સિનેમાનું અદ્ભુત મિશ્રણ. દાઉદના ઘરમાં એકલો સિંહ આજુબાજુના લોકો પર ભારે પડે છે તે દાઉદની મનોસ્થિતિનું ચિત્રણ છે. દાઉદ નજીકના અને બૉલિવૂડના લોકો સાથેની વાતચીતમાં પોતાને સિંહ કહેતો અને કહેતો કે તે શહેરમાં કૂતરા તરીકે રહેવા કરતાં જંગલમાં સિંહ તરીકે રહેવાનું પસંદ કરશે. પણ જ્યારે હમઝા દાઉદના ઘરમાં જાય છે અને આ ચિત્ર જુએ છે ત્યારે માર્મિક હસે છે. હમઝાનો અર્થ પણ સિંહ થાય છે. આ છે આદિત્ય ધરનો કમાલ ! આર્ટ ફિલ્મ જેવી ‘સાંવરિયા’માં રણબીર કપૂરના ડાન્સ વખતે પડદા પર મોનાલિસા છે તેમ જણાવી પેટ ભરીને વખાણ કરનારા કલમઘસુઓને આદિત્ય ધરની આ આર્ટિસ્ટિક કમાલ નથી દેખાઈ.

અને છેલ્લે કઈ એવી ફિલ્મ હતી જેમાં આવા કમાલના ચોટદાર સંવાદ આવ્યા હતા? ‘અબ હિન્દુસ્તાન પાકિસ્તાન કા મુસ્તકબિલ તય કરેગા’થી લઈને ‘આપ કે પટાખે ખત્મ હો ગયે હો તો મૈં ધમાકા શુરૂ કરું?’ અનેક આવા સંવાદો છે. અને ઝહૂર મિસ્ત્રીની પાસે ‘ભારત માતા કી જય’ બોલાવવાનું દશ્ય તો અદ્ભુત, અદ્ભુત, અદ્ભુત.

‘ધૂરંધર’ અંગે પણ આદિત્ય ધર સામે કોઈ ફરિયાદ કરવી હોય તો તે કરી શકાય કે ‘બડે સાહબ’, ‘બડે સાહબ’ કરીને તેમણે પણ દાઉદ ઈબ્રાહિમનું વધુ પડતું ગ્લૉરિફિકેશન કરી નાખ્યું. પાકિસ્તાને તેને સાચવ્યો, આશ્રય આપ્યો, તેનો ઉપયોગ કર્યો, પણ ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓ માટે આઈએસઆઈનો વડો તેની પાસેથી સૂચના અને માર્ગદર્શન મેળવે? તેને બડે સાહબ કહે? આમ છતાં દાઉદની જે સ્થિતિ બતાવાઈ છે તે પણ વાસ્તવિક છે અને તેની મનોદશા જોઈને દેશભક્ત દર્શકોને મજા પડે છે. દાઉદની આ દશા બતાવાઈ તેથી તો ઉર્દૂવુડવાળા આ ફિલ્મ અંગે મૌન નથી ને?

દર્શકો પણ કેવું-કેવું શોધી કાઢે છે? હમઝાનો પાસપૉર્ટ બતાવાયો તેનો સ્ક્રીનશૉટ લઈ તેમાં હમઝાની તારીખ આદિત્ય ધરે બહુ વિચારીને ૨૬ નવેમ્બર (૧૯૭૯) રાખી છે તેવું કહી રહ્યા છે ! ફિલ્મમાં હમઝા અને આલમભાઈ જ્યાં ચા પીવે છે તે દુકાનનું નામ ‘Washma Butt’ રાખ્યું છે. આદિત્ય ધર સૉશિયલ મીડિયા પણ કેટલું જોતા હશે કે પાકિસ્તાનની એક છોકરી (કદાચ છોકરો પણ હોઈ શકે)નું એકાઉન્ટનું નામ આ હતું અને ૨૦૧૯માં તેનું મીમ શૅર થયું હતું જેમાં કોઈ ટીખળ કરી હતી- **Wash my butt.** એટલે આ ફિલ્મની ઝીણામાં ઝીણી વાત પણ જેન-ઝીના સૉશિયલ મીડિયા અને મીમ પ્રેમી દર્શકોને મજા કરાવી રહી છે.

ફિલ્મમાં ઈન્ટરવલ પણ મસ્ત જગ્યાએ પડે છે. (કદાચ છેલ્લાં ઘણાં વર્ષોમાં બહુ ઓછી ફિલ્મોમાં આવો દિલધડક ઈન્ટરવલ આવ્યો હશે.) જસ્સીને તેનો બાળપણનો ખાસમખાસ મિત્ર પિંડા પાકિસ્તાનમાં મળે છે જે ભારતમાં ખાલિસ્તાની પ્રવૃત્તિઓ વધારવા શસ્ત્ર લેવા આવ્યો છે. આ પાત્ર પણ વાસ્તવિક છે. તેનું સાચું નામ હરવિન્દરસિંહ સંધુ છે જે રિંડા તરીકે જાણીતો હતો. પહેલાં તે માત્ર અપરાધિક પ્રવૃત્તિઓ કરતો હતો પરંતુ પછી તે બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે સંકળાઈને ત્રાસવાદી બની ગયો. ફિલ્મની જેમ જ તે સાચી જિંદગીમાં પણ વધુ પડતું ડ્રગ લેવાથી પાકિસ્તાનમાં મરી ગયો હતો.

આદિત્ય ધરે અનેક ભ્રમણાઓ ખોટી પાડી છે. ૧. પાકિસ્તાનની સચ્ચાઈ ખુલ્લી પાડો તો પાકિસ્તાનના દર્શકોને (અને ભારતના પાકિસ્તાની પ્રેમીઓને) ન ગમે એટલે ફિલ્મ ન ચાલે. ૨. પાકિસ્તાનની અવળચંડાઈ અને મુસ્લિમ ત્રાસવાદી બતાવવા હોય તો સામે સારાં મુસ્લિમોનાં પાત્રો પણ ફરજિયાત બતાવવા પડે અને દરેક મુસ્લિમ ત્રાસવાદી નથી હોતા તેવો નેરેટિવ બતાવવો પડે. ૩. લાંબી ફિલ્મો ન ચાલે. તંત્રીઓ અને સૉશિયલ મીડિયામાં વિડિયો બનાવવાનું નક્કી કરતા પણ કહે છે કે લાંબા લેખો કોઈને વાંચવા નથી ગમતા, હવે લોકોને રીલ જોવી જ ગમે છે. પણ આ વાત ખોટી છે. આ લેખકના લાંબા લેખોય વંચાય છે અને નાના લેખોય. સૉશિયલ મીડિયામાં આમિર ખાનનું છ કલાકનું પૉડકાસ્ટ છે. ૪. સ્પાય, આર્મી, પોલીસ, સીઆઈડી વગેરેની ફિલ્મો/વેબશ્રેણીમાં બધું ભેદી-ભેદી અને અડધુંપડધું જ બતાવવાનું. લોકોને સમજ પડે કે ન પડે. આદિત્ય ધર દરેક મહત્ત્વના પાત્રનો પરિચય નામ અને તેની ઓળખ સ્ક્રીન પર આપે છે. તેનો ફ્લેશબેક પણ વ્યવસ્થિત બતાવે છે.

૫. પોલીસ, સીઆઈડી, સ્પાય, આર્મી પરની ફિલ્મો હોય એટલે તેમાં હીરોના કુટુંબીજનોને હીરોની વિરુદ્ધ બતાવવાના. અહીં એવું નથી. અહીં હિરોઈન તેને ભરપૂર સાથ આપે છે. જ્યારે તેની ઓળખ છતી થાય છે ત્યારે પણ હમઝા સમજાવે છે ત્યારે સમજી જાય છે. ૬. પોલીસ, સીઆઈડી, સ્પાય, આર્મી કે ભારત-પાકિસ્તાનની (ગદર પ્રકારની ફિલ્મ) ફિલ્મ હોય તો તેમાં જ્યારે દેશવિરોધી બાબત આવે કે કુટુંબીજન/સાથી ભારતીયને પકડી લે એટલે લાગણીમાં આવીને હીરો છતો થઈ જાય અને મિશન જોખમમાં મૂકી દે. (‘કર્મા’ યાદ છે?) અહીં એવું નથી. અહીં હીરો- હમઝાને ૨૬ નવેમ્બરના ત્રાસવાદી આક્રમણો જોઈને કમકમાટી આવે છે, ક્રોધ આવે છે, રડવું આવે છે, તેના મિત્રને જોઈને લાગણી થાય છે, પરંતુ તે લાગણીમાં આવીને ઓળખ છતી કરતો નથી.

આદિત્ય ધર એ ’૭૦-‘૮૦ના દશકના કેટલાક નિર્દેશકોનું અનોખું મિશ્રણ લાગે છે. ‘શોલે’ ખ્યાત રમેશ સિપ્પીનું લૉકેશન, સાઉન્ડ, રામગોપાલ વર્માની પેસ (ગતિ) અને ક્રૂરતાસભર હિંસા, યશ ચોપડાની ફિલ્મોની સિનેમેટોગ્રાફી ને સુભાષ ઘઈની ફિલ્મોની નાટકીયતા. ‘ધૂરંધર’ની બંને ફિલ્મોમાં આ બાબતો ઠાંસીઠાંસીને ભરી છે. ‘ધૂરંધર’ પર અત્યાર સુધીમાં ઘણું લખાયું છે, હજુ ઘણું લખાતું રહેશે. યે નયા હિન્દુસ્તાન હૈ, યે નયે હિન્દુસ્તાન કા સિનેમા હૈ. ‘શોલે’ની જેમ જ ‘ધૂરંધર’ પર વર્ષોવર્ષ ચર્ચા થતી રહેશે. ■


jaywant.pandya@gmail.com


# સંકટ, કટોકટી – આગેવાનની કૂનેહ અને પ્રજાનું ખમીર.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈંગ્લેન્ડ અને મિત્ર દેશો હિટલરને હરાવીને વિજેતા બન્યા હતા. આ યુદ્ધની ખુવારીએ ઈંગ્લેન્ડને પાયમાલ કરી નાખ્યું હતું અને આ પાયમાલી લાંબી ચાલવાની હતી. દેશમાં દરેક જીવન જરૂરી ચીજવસ્તુઓ રાશન પર ઉપલબ્ધ હતી. અડધીરાત્રે આઝાદી પુસ્તકમાં લંડનની એ સવારનું વર્ણન કઈક આવું છે.

કાતિલ ઠંડીના દિવસો હતા અને એ મહાન દેશનો અસંતોષ ઉકળી રહ્યો હતો. દુખ દર્દ અને આશંકાઓના ધુમ્મસે લંડનને ઢાંકી દીધું હતું. ભાગ્યે જ કોઈ એવું સંપન્ન ઘર હતું જ્યાં એટલું પણ ગરમ પાણી હોય કે પુરુષ દાઢી બનાવી શકે કે સ્ત્રીઓ વોશબેસીન ધોઈ શકે. શેરીઓ સુની પડી હતી, લોકો નવા વર્ષે પણ ઘરની બહાર નીકળવાનું પસંદ નહોતા કરી રહ્યા. પેટ્રોલ દુર્લભ બની ગયું હતું. જે પેટ્રોલ નાખીને ગાડી ચલાવી રહ્યા હતા એ પણ અપરાધભાવથી પીડાઈને ગાડી ચલાવી રહ્યા હતા. દરેક ચીજવસ્તુનો જથ્થો વિષમ સ્થિતિમાં હતો. ભોજન, ઈંધણ, વીજળી, જોડા, કપડા જેવી વસ્તુઓ રાશનથી મળી રહી હતી. અંગ્રેજોએ સાથી દેશોની મદદથી દબંગ હિટલરને હરાવ્યો હતો જેના નારાઓ હતા... ‘વી ફોર વિકટરી’ અને ‘થમ્સ અપ’ હવે એ જ અંગ્રેજોના નારાઓ હતા ‘ઠુંઠવાઈ જાવ અને ભૂખ્યા મરો’

તેમ છતાં એ બબ્બે વિશ્વયુધ્ધની વિજેતા પ્રજા હતી. એવી જ એક સવારે નવા બોર્ડ લંડનની દુકાનો પર લાગ્યા કે ખાંડ મળશે નહિ, ખાંડ પણ હવે રાશન પર ઉપલબ્ધ રહેશે. કિસ્સો વાંચેલો યાદ આવે છે કે આ સ્થિતિમાં લોકો થેલીઓ લઈને દુકાનો આગળ લાઈનમાં ઉભા રહી ગયા.... શા માટે ? ખાંડ લેવા માટે ? ના. પોતાના ઘરમાં રહેલી વધારાની ખાંડ પરત કરવા માટે. એક પ્રજા હોય છે, નિષ્ઠાવાન, કૃતજ્ઞ, ઐક્ય, એખલાસી, સમર્પિત, સમૂહ્ભાવનાને આદર આપનારી જે દેશ પ્રત્યે, દેશના અન્ય નાગરિકો પ્રત્યે ત્યાગની ભાવના ધરાવે છે. બીજી એક પ્રજા હોય છે કાળાબજારિયાની અનૌરસ ઓલાદ, સબસીડીજીવી, હુક્કાબરદારની કક્ષાની, કૃતઘ્ની, ભ્રષ્ટ, દુષ્ટ, બેવફા, છીછરી માનસિકતા વાળી જે થોડા પેનીકમાં અફવાઓનું બજાર ગરમ કરી મુકે છે, ભાંગી પડે છે અને ભાગી નીકળે છે.

ભારતમાં એક વિપક્ષ છે જે ધરાર ભારતની સરખામણી ભૂખડ પાકિસ્તાન સાથે કરાવવા માંગે છે. પાકિસ્તાન આજે કોઈપણ પરિમાણ પર ભારત સાથે સરખામણીમાં ઉભું રહી શકે એ સ્થિતિમાં નથી છતાં અમુક નપુંસક પત્રકારો, નમાલા કરોડરજ્જૂ વિનાના નેતાઓ હજુ ૧૯૪૭ની સ્થિતિમાંથી બહાર નથી આવી શક્યા. જયારે ખુદ પાકિસ્તાન પણ હવે ભારતની સરખામણીની રેસમાંથી બહાર ખસી ગયું છે. આ નેતાઓનો ખ્યાલ એવો છે કે એમના પક્ષના પુરોગામીઓ કે કુટુંબના વડવાઓ પક્ષ અને દેશને જે હાલતમાં મુકીને સ્વર્ગે સિધાવ્યા છે, એનાથી બહેતર હાલતમાં દેશ કે પક્ષ હોઈ જ શકે નહિ. કોઈપણ દેશી કે વિદેશી આલીયો માલિયો ભારત વિશે નિવેદન કરે એટલે તુરંત એક ધરી પર ગબડતા રહેતા ધોતીયાધારીઓ કુદાકુદ કરીને વડાપ્રધાનનો જવાબ માંગવા લાગે છે.

અત્યારે ઈરાન ઇઝરાયેલ અમેરિકા યુદ્ધની સ્થિતિમાં વિશ્વના મોટાભાગના દેશોની ઈંધણની સ્થિતિ બગડી છે. અમેરિકા અને યુરોપના દેશોએ પણ ઈંધણમાં ભાવવધારો કરવો પડ્યો છે. આવડી મોટી વસ્તી વાળો ભારત એક માત્ર દેશ છે જેણે હજુ સુધી ભાવવધારો કર્યો નથી અને ઈંધણની આયાત સુનિશ્ચિત કરીને પુરવઠો જાળવી રાખવાનો સફળ પ્રયત્ન કર્યો છે. પેટ્રોલ ડીઝલની કોઈ તંગી નથી એવી હૈયાધારણ સરકાર આપી રહી છે, જે એલપીજીનું સંકટ છે એ થોડું ઘેરું છે એવું સરકાર પણ સ્વીકારી રહી છે. પણ ભારત હોર્મુઝ ખાડીમાંથી પોતાના વેસેલ્સ ધીમે ધીમે બહાર કાઢવી રહી છે. ભારતની દરેક રીફાઈનરી પોતાની સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરી રહી છે. વિપક્ષોએ મૂંછો ચાવવી પડે એવી ખબર એ પણ આવી રહી છે કે ભારત ઈરાન પાસેથી એલપીજી ખરીદી રહ્યું છે. અને આ ખરીદી રૂપિયામાં કરી રહ્યું છે. હવે જયારે ઈરાન પાસેથી જ માલ કરીદ કરવામાં આવી રહ્યો હોય, ત્યારે હોર્મુઝમાં રોકાઈ જવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો. બીજી ખબર એ પણ છે કે ૨૦૦૦૦ કિલોમીટર દૂરના દક્ષિણ અમેરિકી મિત્ર દેશ આર્જેન્ટીના પાસેથી ભારત એલપીજી ખરીદ કરી રહ્યું છે. સરકાર હાથવગા બધા હથિયારોનો ઉપયોગ કરીને દેશની એકસો ચાલીસ કરોડ જનતાને આ પુરવઠો પૂરો પાડવાનો પ્રયત્ન કરી રહી છે જે સપાટી પર દેખાઈ રહ્યો છે.

**રાજકીય રસધાર**



**પ્રવીણ માધાણી**

સંકટ કે કટોકટી કાળમાં શું માત્ર સરકારની જ જવાબદારી ઉભી થાય છે ? પ્રજાની, વિપક્ષની, અખબારોની કોઈ જવાબદારી નથી હોતી ? પોતાના સરકાર સામેના અંગત ખુન્નસ ખાતર આવા કપરાં સમયમાં ચંદ સિક્કાઓ ખાતર અમુક અખબારો જે ઘાતક પત્રકારત્વ કરી રહ્યા છે એ પાપની કક્ષાનું છે. જે નેતાઓ પોતાની અંગત રાજકીય રોટીઓ શેકી રહ્યા છે એ અધમ કક્ષાની રાજનીતિ કરી રહ્યા છે. પાકિસ્તાન જેવો આતંક પરસ્ત દેશ કોઈ બે દેશો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં મધ્યસ્થી કરે એ વાતને આધાર માનીને ભારતની સ્થિતિ શું છે એ પૂછતાં નેતાઓની વૈચારિક દરિદ્રતા ભયંકર છે. જનતાનો જે વર્ગ સમાજમાં અસ્થિરતા ફેલાય એવી અફવાઓ ફેલાવી રહ્યો છે એ વર્ગ દેશનું કેન્સર છે. જે તર્કહીન બુધ્ધીખોર પત્રકાર ટીવી પર બેસીને યુદ્ધની સ્થિતિમાં દેશની સારી વિદેશનીતિને પણ વખોડી રહ્યો છે એ દરબારી છે. કટોકટીમાં આગેવાનના કુનેહ અને પ્રજાના ખમીરની કસોટી થાય છે.

ક્વિક નોટ – “.... ઓક્ટોબરના ચીનના આક્રમણ પછી સરકારે જનતાનો વિશ્વાસ ખોઈ દીધો છે. આ સરકાર રાષ્ટ્રીય શરમની સરકાર છે. આ દેશની સમસ્યાઓ મિસ્ટર નહેરુની વ્યક્તિગત જવાબદારીઓ છે. “

“ચીને આપણને ઠગી લીધા એવું પ્રધાનમંત્રી નહેરુ કહે છે, ચાણક્યએ કહ્યું છે કે જે રાજા કહે છે કે શત્રુએ એને ઠગી લીધો છે, એ રાજાને તરત ખસેડી નાખવો જોઈએ.” – ડૉ. રામમનોહર લોહિયા. ■


production@infiniumpharmachem.com


# શેર આપણને શું શીખવે છે ?

(૧)સોનુ અને ચાંદી ખરીદવાનો વિચાર આવે તો શું કરવું? રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

પાસબુકમાં એન્ટ્રી પડાવી જોવી.

(૨)એ.આઈ. દુનિયા માટે ખતરારૂપ છે એ વાત સાચી?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

હા એ(અમેરિકા) અને આઈ(ઈરાન) યુધ્ધે ચડ્યા જ છેને!

(૩)કારેલામાંથી કડવાશ કેવી રીતે દૂર કરવી?

ધાનાણી ચાંદની મયંકભાઈ (અમદાવાદ)

કારેલાનું શાક ખાઓ ત્યારે જીભ પર ખાંડ ભરેલું પ્લાસ્ટિકનું મોજું પહેરી રાખો.

**હાસ્યાય નમઃ**



**ડો. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૪)હાસ્યલેખન માટે કોઈ ખાસ તૈયારી કે વાતાવરણની જરૂર પડે છે?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

તૈયારી ન હોય ત્યારે જ સારું લખાય છે.

(૫)સાહેબ..! કોઈ ગંભીર સવાલનો જવાબ આપવો કેટલો મુશ્કેલ હોય છે?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન (સાજણટીંબા)

ગંભીર સવાલ આવે ત્યારે ખબર પડે.

(૬) રોજીંદા જીવનમાં તમને હાસ્ય ક્યાંથી દેખાય છે?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

મને હાસ્ય દેખાતું જ નથી. હાસ્યને હું દેખાઉં છું.

(૭)ઘરનું ભોજન રોબોટ બનાવશે ત્યારે ગૃહિણી શું કરશે?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

આઘાપાછી.

(૮) કપાળની કરચલી ઉપરથી માણસની ઉંમર જાણી શકાય ખરી?

બાલુભાઈ કિકાણી (લીલીયા મોટા)

હા, પણ વસ્તી ગણતરી કરવાવાળા આવે ત્યારે જન્મતારીખના દાખલામાં હોય એ ઉમર લખાવવી.

(૯)આટલા અને એટલા કુલ કેટલા થાય ? રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

એલા, કોઈ મારું કેલ્ક્યુલેટર લાવો તો !

(૧૦)અમે ધાબા પર સુકવવા મૂકેલી વેફર વાવાઝોડામાં ઉડીને બાજુવાળાની વેફર સાથે ભળી ગઈ; શું કરવું ?

કનુભાઈ પરમાર (દામનગર)

ચિંતા કરો મા, આજ તમારી ઉડી, કાલ એની ઉડશે!

(૧૧)શેર આપણને શું શીખવે છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

ક્યાં શેરની વાત કરો છો? જંગલવાળો શેર? દૂધનું માપ જાણવા બોલાતો શબ્દ શેર? શેરબજારનો શેર? ગઝલનો શેર?

(૧૨)આ દુનિયામાં બધું થઈ શકે છે તો કૂતરાંની પૂંછડી સીધી ન થઈ શકે? રામભાઈ પટેલ (સુરત)

થઈ શકે, પણ સીધી કરવામાં કૂતરાંનેય રસ હોવો જોઈએને!

(૧૩)દેખરેખ રાખનારને વોચમેન કહેવાય તો ઘડીયાળ વેચવાવાળાને શું કહી શકાય ?

પરમાર હર્ષિદા ટી. ( સોજીત્રા ,પાટણ )

વોચમેન કમ પટ્ટાવાળો(કેમ કે ઘડિયાળ સાથે એનો પટ્ટો પણ વેચે છે.).

(૧૪)મોટાભાગના હાસ્ય કવિઓ/લેખકો "દવે" અટકવાળા હોય છે, આવું કેમ?

યોગેશભાઈ આર. જોશી (હાલોલ)

આવી માન્યતા થઈ ગઈ છે એટલે અમે દવે લોકો ગમે એવી કરુણ વાર્તા કે કવિતા લખીએ તંત્રીઓ એને હાસ્ય વિભાગમાં છાપી નાખે છે!

(૧૫)કોઈએ ન કર્યું હોય એવું કરવું છે તો શું કરું?

જય દવે (ભાવનગર)

અગાશીમાં ગળ્યા મરચા ઉગાડો. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# પ્રેમની ઓછપમાં દોષ દેખાયા કરશે ને ભરપૂર પ્રેમમાં અવગુણ દૂર દૂર ફંગોળાઇ જશે...!



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

ચૈત્રનો તડકો આ વખતે આકરો થાય ન થાય ત્યાં આભમાં વાદળો ચડી આવે છે ને પવન મીઠો લાગે છે. આ વરસે તો હજુ એક રાઉન્ડ ટાઢોડું બાકી છે. પછી દનૈયા તપશે ત્યારે સમુદ્ર પરથી ચોમાસુ બંધાવા લાગશે. કુદરતનો ક્રમ બદલાયો છે. ચૈત્રમાં ભગવાન પહેલા પ્રગટે છે જે રામનવમી છે અને ભક્ત પછી પ્રગટ થાય છે જે હનુમાન જયંતી છે. પ્રેમની ઓળખ પરમ સાથેના અનુસંધાનમાં થાય. રૈ દાસ કહે કે સાંચિ પ્રીત બિનુ રામ ન મિલહી..... પ્રેમ પદારથ એમ ઓળખાય નહિ. દેખાય છે કે કૃષ્ણ યશોદાને વશ છે, રાધિકાને અનુસરે છે, સુદામાને ગળે વળગે છે.... ગોપબાલો સાથે આમતેમ રખડે છે ને ગોઠડી કરે છે.... હકીકતમાં કૃષ્ણ તો માત્ર પ્રેમને વશ છે. પ્રેમ પ્રારંભમાં સ્વાર્થી હોય છે.

બાળક જ્યારે માતાના ખોળામાં રમે છે અને જન્મ પછી એ પોતાના પગ પર ઊભા થવા પ્રયત્ન કરે છે ત્યારે એને પોતાને માટેનું પરિપોષણ જ માતા તરફનો પ્રેમ વધારે છે. દરેક સંતાનની કસોટી માતા પિતા પર નિર્ભરતા પૂરી થાય પછી એનો સ્નેહ કેવો રહે છે એના પર છે. માતા-પિતાને તો સંતાનો વહાલા હોય છે જ અને જે રીતે બાળક નાનું હોય ત્યારે માતા-પિતા પર નિર્ભર હોય છે. બાળકો મોટા થાય પછી માતાપિતા એ જ બાળકો પર નિર્ભર હોય છે. પરંતુ માતા-પિતા જે આનંદથી બાળકોને નિભાવે છે એવા જ આનંદથી પોતાના મા-બાપને નિભાવતા હોય એવા લોકો તો ક્યાંક જ જોવા મળે.

પ્રેમ પણ એવો જ છે. પ્રેમના પાયામાં સ્વાર્થ હોય છે. પ્રેમની વાતો કરનારા લોકોએ શરૂઆતથી બહુ મહાન વાતો કરી છે, પરંતુ વાસ્તવમાં દરેક પ્રેમના આરંભબિંદુમાં સ્વાર્થ હોય છે. પરંતુ એ સ્વાર્થની સીમાનું ઉલ્લંઘન કરવાનું હોય છે. કોઈ પણ પ્રેમ શરૂઆતમાં અનુરાગ હોય છે પરંતુ આગળ જતાં એ વૈરાગ બને છે. પ્રેમનો પ્રારંભ થાય છે કંઈક પ્રાપ્ત કરવા માટે. પરંતુ પછી પ્રેમ જ પ્રેમને ત્યાગ શીખવે છે. જ્યારે ત્યાગ શરૂ થાય છે ત્યારે પ્રેમ એના અસલ રૂપમાં પ્રગટવા લાગે છે. પ્રેમમાં શરૂઆતની જે સમજણ છે એ અને એમાં ત્યાગ પ્રવેશે પછી - એ બન્ને વચ્ચે કામ અને રામ જેવો ભેદ છે.


દામ્પત્ય જીવનમાં અનુરાગથી વૈરાગ સુધીની યાત્રા છે. મહત્ લોકો અનુરાગમાં જ આયુષ્ય વીતાવે છે. માત્ર અનુરાગ, અનિવાર્યપણે કલહ પણ નોંતરે છે. જેને આપણે પોતાનું માનીએ એ તો ધન્યતા છે પણ પોતાની માલિકીનું માનીએ એ દુર્ઘટના છે. પોતાનું હોવાનો વારંવારનો સુખદ અનુભવ માલિકીનો ભ્રમ નીપજાવે છે. સંબંધોમાં માલિકીભાવ એ વિખૂટા પડવાની ખરી શરૂઆત છે. મારી મા છે, હું કહુ એમ કેમ ન કરે ? અથવા મારો પુત્ર મને પૂછ્યા વિના એ પગલું કેમ ભરી શકે...! સંબંધોનો અંતકાળ આવો જ હોય. જે સત્ય તમે સ્વીકારતા નથી એને લોકો તમારાથી છુપાવવા લાગે છે. અને સત્યનો સ્વભાવ છાને ખૂણે રહેવાનો તો નથી. એટલે પાછલે બારણેથી અથવા અગાસીમાંથી ઘરમાં એક ન દેખાય એવી હોનારત પ્રવેશે છે, એનું નામ જ કલેશ છે.

ક્લેશને શરીર નથી, પણ એ કોઈની જીભમાં, કોઈના વર્તનમાં ને કોઈના વિચારમાં અવતરે છે પછી ધૂમાડાનો આરંભ થાય છે.

પ્રેમમાં અસ્પષ્ટતા, નિરંતર સ્વાર્થ અને અસત્ય ઉમેરાય એટલે સંબંધોનો ખખડાટ શેરીઓમાં વહેવા લાગે. જે પ્રેમ ઊંચે જઈ શકતો ન હોય એ પ્રેમનો જ ત્યાગ કરવો જોઈએ. એ પ્રેમને સદાય વીસરી જવો જોઈએ. ત્યાગ જિંદગીના અસામાન્ય અને ભીષણ સાહસોમાં સમાવિષ્ટ છે. લગભગ અસંભવ જ લાગે એ ત્યાગ છે. અનેક ત્યાગ ઘડીકના હોય અને ફરી એનું એ જ વળગણ. ખરો ત્યાગ તો ઓળખ અને અનુભવ બન્ને ભૂંસી નાંખે છે. સ્મૃતિમાં પણ કંઈ શેષ ન રહે એ ત્યાગ છે. સામાન્ય મનુષ્ય કે જે સંસારના સર્વ ગુણથી લિપ્ત છે એનું કામ ત્યાગ નથી.

ત્યાગના મૂળમાં પ્રચંડ ધધખતા લાવા જેવી સંકલ્પ શક્તિની પાર્શ્વભૂ હોય છે. એ લાવા જ ત્યાગનો કારક અને પરમ શાન્તિનો તારક છે. જેનાથી છૂટવાનું છે એને ધક્કો નથી મારવાનો, એનાથી દૂર સ્વયંનો જ ઘા કરવાનો છે એ ત્યાગ છે. હું તમારો ત્યાગ કરું છું એ ભાવાવેશ તો માત્ર ઘોર અહંકાર છે. દામ્પત્ય જીવનમાં શરૂઆત તો અનુરાગથી થાય છે. પછી ઘૂંટાયેલા કેસૂડાના રંગની જેમ એ અનુરાગ ઘટાટોપ બને છે. એના છાંયામાં જ વરસો પસાર થઈ જાય છે. પછી પ્રેમની વિશુદ્ધિ એનો રંગ બતાવે છે. ■

# ના, તારો પ્રેમ એ પાગલપન નથી



## રાગ - વૈરાગ - ૧૬

લઘુનવલકથા
યોગેશ પંડયા

આનંદે હસીને તેને પૂછ્યું, " શું જુએ છે?'

"રૂપાને.."હર્ષદ પોતાના પરમ મિત્ર આનંદની આંખોમાં આંખ નાખીને પુનઃ બોલ્યો,"એક માત્ર રૂપાને.." જવાબમાં હસીને આનંદે હર્ષદ ને પૂછ્યું , 'શું લાગ્યું?'

"શું નથી લાગ્યું એમ કહેને."

"હું જે તને કહેતો હતો એ વાત...જરા પણ ખોટી નથી. હર્ષદ તારી લાગણીને હું પામી શક્યો છું, પણ હું રૂપાને ક્યાં પામી શકવાનો છું?"

"એ તારી કમનસીબી છે."

"એવું ન બોલ દોસ્ત."

"તો શું કહું? કોને કહું? મારી ઉર્મિઓ, મારાં સમણાં, મારા કોડ, મારા મનોરથ."

"વાસ્તવિકતા સ્વીકારી લે આનંદ. બાકી, તું એ જખ્મ ને સ્વીકારીને નહીં જીવે તો પાગલ બની જઈશ."

"બની જવા દે."

"ના, તારો પ્રેમ એ પાગલપન નથી. તારો પ્રેમ એ કોઈ દેખાડાની ચીજ નથી. તારો પ્રેમ એ કોઈ બૂમબરાડા, શોરબકોર કરીને પ્રગટ કરવાની રજૂઆત પણ નથી. તારો પ્રેમ ભીતરથી મહોર્યો છે. તારો પ્રેમ સાચો છે. શાશ્વતી છે અને શાશ્વત ચીજને કોઈ અભિવ્યક્તિના માધ્યમની જરૂર પડતી નથી. રૂપા જ્યાં પણ જાય, તારું સ્થાન તો તેના હૃદયના એક ખૂણામાં અખંડિત જ રહેવાનું છે. તું ખુશીથી એને રજા આપ, તારી શુભેચ્છાઓ અને શુભકામનાઓ તેની સાથે જ હોય એ તારે શીખવાનું છે. આનંદ, એક વાત કહું? દિલમાં દવ લઈને પણ જે હસતાં હસતાં જીવી જાણે એનું જ નામ મરદ! સામેવાળું પાત્ર જ્યાં પણ રહે ત્યાં બહુ સુખી રહે એવી જ આરદા ઝંખવાની અને ત્યારે જ પ્રીતનું

સાચું મૂલ આંકયું ગણાય. જયાં સ્વાર્થ હોય એ પ્રીત નથી, વાસના છે માત્ર." "પણ હું ભૂલી નહીં શકું.'

"તું ખરેખર ભાગ્યશાળી છે કે રૂપા જેવું પાત્ર જીવનમાં આવ્યું.."

"રૂપા નહીં માત્ર તેનો પડછાયો આવ્યો ને ચાલ્યો ગયો. હવે એ પડછાયાની છાયાને પામવા ફાંફાં માર્યા કરવાનાં છે. તને ખબર છે હર્ષદ, બાદલગઢમાં મારા હાજર થયાના બીજા જ દિવસથી એણે મારી જે કાળજી લીધી છે એમાં નકરો પોતાપણાની જ ભાવના છે. હર્ષદ, તને એટલું તો ચોક્કસ કહીશ કે સુમન આટલા પ્યારથી મને નહીં સાચવી શકે, પણ નસીબના ખેલ તો જો, જે પાસા મારી રમતમાં આવ્યા એ જ રહ્યા નહીં."

"એનું નામ જિંદગી."

"પણ એના વગરની મારી જિંદગી કોઈ કામની નથી."

રૂપા ભણી તાકતો હર્ષદ બોલ્યો, "કડવા ઘૂંટડા ગળી જવાના અને કરીએ તો પણ શું કરીએ હવે આપણે? કાલ સવારે તો એય એના ઘરે ચાલી જશે." આનંદ કશું બોલી ન શક્યો. બીજે દિવસે જ્યારે વહેલી સવારે બન્ને દોસ્તારો જવા માટે નીકળ્યા ત્યારે કંકુબહેન અને રાવજીભાઈ તો ગાડું જોડીને ક્યારનાય વાડી ભેગા થઈ ગયાં હતાં. રૂપા વાસીદું કાઢતી હતી. આનંદ બેગ લઈને નીચે ઊતર્યો. હર્ષદ પડખે ઊભો હતો. આનંદે તેનો પરિચય ગાઢ કરાવ્યો, "રૂપા, આ મારો મિત્ર હર્ષદ." રૂપા એ તબકડું નીચે મૂક્યું અને પછી બન્ને હાથનાં આંગળાં એકબીજામાં પોરવતી ટહુકી, 'કેમ છો? મજામાં?'

"હા." જવાબ દેતી વખતે હર્ષદને લાગ્યું કે વગડાની બપોરી કોઈ વેરાનતામાં કોયલે પોતાના ટહુકાથી વગડો ભર્યો ભર્યો કરી દીધો છે. એ જોતો જ રહ્યો રૂપાને.!! આનંદે હસીને વળી કહ્યું, 'અમે બન્ને સાથે જ ભણતા હતા.'

"હા, એ તો તમે મને એક વાર કહ્યું હતુંને.?"

"આજે મને તેડવા આવ્યો છે."

"બહુ રોકી ન લેતા." કહી રૂપા હસી પડી. "નહિતર પછી તમારા ભાઈબંધને અહીં પાછું આવવું ગમતું નથી."

"ના. હોં." હર્ષદ મોઘમ કહ્યું, "કોને નહીં ગમતુ હોય એ તો ઉપર વાળો જાણે જ છે?"

"રહેવો ઘો રહેવા, પાછા મારા વગરના કેવા ભૂરાયા થઈ જાવ છો?"

"સાચી વાત છે તમારી." હર્ષદે રૂપાને કહ્યું.

"ત્યારે શું? સાચું કહીએ તો તમારા ભાઈબંધને ગમતું નથી. પછી રિસાઈ જાય નાના છોકરા જેમ....."કહી ખિલખિલ હસી પડી.

આનંદે હસતાં હસતાં કહ્યું, 'આ વખતે તો તને કહીને જાઉં છું કે હું ઘરે જાઉં છું. હવે મને કહેતી નહીં."

"નહીં કહું, બસ."

"હું બેત્રણ દિવસમાં આવતો રહીશ."

"વાંધો નહીં."

"હા યાદ આવ્યું."

"શું?' જેમ વાદળી આડેથી ચંદ્ર ડોકું કાઢે એમ રૂપાનાં નેણ વળી ઊંચકાયાં

"દશેરાને દિવસે તો અહીંયાંય મહેમાન આવવાના છેને."

રૂપાનું મોઢું પડી ગયું. એ નીચે જોઈ ગઈ. "તને કહું છું.? આનંદે રૂપાને બોલાવતાં પૂછ્યું, 'કહે તો ખરી."

રૂપા ભારઝલ્લી પાંપણે તે બન્નેની સામે જોઈ રહી. હર્ષદને થયું કે હમણાં જ રડી પડશે. એણે આનંદને મીઠો ઠપકો આપતાં કહી દીધું, "જરાક સંભાળીને બોલને. અત્યારના પહોરમાં એમનો મૂડ શું કામ ખરાબ કરે છે. આમ સવાર સવારમાં..." અને પછી રૂપાને કહી દીધું 'તમે ખોટું નહીં લગાડતાં હોં! હજી આ સાવ અણસમજુ જ છે. કાંઈ ખબર જ નથી પડતી." આનંદને પણ થયું કે મારે તેની લાગણી દુભાવવી ન જોઈએ, પણ ક્યારેક ક્યારેક જીભમાંથી આમ શબ્દો વછૂટી જ જાય છે.

તેણે ડગલું માંડ્યું ને બોલ્યો, "તો હું જાઉં છું."

"આવજો નહીં કહે?"

રૂપા કશું બોલી નહીં.

આનંદ તેની સામે આવ્યો, "એક વાર હસીને આવજો કહે તો જ હું જઈશ નહિતર તને દુભાવ્યાનું પાપ મને અંતરમાં ચટક્યા કરશે. જ્યાં લગી આવીશ નહીં ત્યાં લગી."

જવાબમાં રૂપાના હોઠ સહેજ વંકાયા. ધીરો કૃશ માંદલો અવાજ નીકળ્યો.

"આવજો. બસ?"

બન્ને નીકળ્યા.

શેરી વળોટતાં આનંદે પાછું ફરીને જોયું. સાથોસાથ હર્ષદથી પણ પાછું વળીને જોવાઈ ગયું. રૂપા હજી યથાવત્ જ ઊભી હતી. ખોડેલી થાંભલીની જેમ જ.!

હર્ષદને થયું, બન્ને કદાચ એકબીજાં માટે જ સર્જાયાં હશે, પણ સમાજને ક્યાં મંજૂર હોય છે? પોતાના દિલોજાન દોસ્તારનાં સમણાંના ફૂલ રણમાં જ ખરી ગયાનો અહેસાસ થઈ ગયો અને તેના હૈયામાંથી નિઃશ્વાસ નીકળી ગયો. (ક્રમશઃ) ■

# જો મહેશ...., હવે હું જેવી છું તેવી તારી સામે છે



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

"હા, મહેશ ! સાચે જ મેં તારી પાસેથી ખરેખર સાચુકલું શરીર સુખ પ્રાપ્ત કર્યું છે. હવે જ મને ખબર પડી કે... આને શરીર સુખ કહેવાય, આને જ સાચો સંભોગ કર્યો કહેવાય, એ પણ એક જ વાર નહીં, આખી રાતમાં કંઇ કેટલીયે વાર કે જેની ગણતરી મેં નથી કરી. પરંતુ સાચું કહું છું... કંઇ કેટલીય વાર મેં પરમ તૃપ્તિના ઓડકાર ખાધા છે. રાતભર તારી સાથે મેં નવા નવા દાવ - ખેલ ખેલી લીધા. આજ સુધી મેં જે માત્ર કલ્પના કરી હતી તેવું સાચુકલું અનુભવયું, પ્યાસી પ્યાસી એવી હું હવે પૂર્ણપણે તૃપ્ત થઇ ગઇ છું, હવે તો ભગવાન કરે તારા શરીરનું બુંદ મારા શરીરમાં એકરૂપ થઇ જઇ કંઇક નવું સર્જન કરે તો મને લાગે કે, દામલનો વંશ આગળ વધે. જો આવું થાય તો તેનું બધુ પુણ્ય મને નહી પણ તને તો જરૂર ને જરૂર મળશે જ....

" જો મહેશ...., હવે હું જેવી છું તેવી તારી સામે છું. મારૂં ચારિત્ર્ય તારે જેવું ગણવું હોય તેવું તું ગણી લે. હું જ સ્વીકારૂં છું કે... હું ખૂબજ નાલાયક છું. તારી નજરમાં હું પતીતા, આવારા અને બદચલઅ હોઈશ પરંતુ આ ફકત ને ફકત તારી નજરે હશે. સાચે જ દામલ મારો પતિ છે અને પિત તો પરમેશ્વરનું રૂપ ગણાય... એ હું સ્વીકારૂં છું એટલે તો ભગવાન પાસે મારી નમ્ર અરજ છે કે, દામલને આપણાં સંબંધ વિશે જરાપણ શંકા ન થવી જોઇએ જો તે શંકા થશે, જરાપણ શંકા થશે તો તે તેનું જીવન તત્કાળ બરબાદ કરી દેશે. કારણ કે હું મારા પિત દામલને સાચા હૃદયથી ઓળખું છું.

"મહેશ....! તેં મને જિંદગીભરનું સુખ તો ફક્ત એક જ રાતમાં એક સામટું આપી દીધું છે, હું ખૂબ જ સંતુષ્ટ છું. એ પાપ હોય તો પાણ અને પુણ્ય હોય તો પુણ્ય...! જે થયું છે તે હવે મનમાંથી કાઢી નાખવામાં સાચી મજા છે. જો આમ થશે તો જ આપણે આગળની જિંદગી જીવી શકીશું..

"સાચું કહું તો સ્ત્રી પાત્ર એવું છે કે તેને આજ સુધી હજી કોઇ સાચીને સારી રીતે સમજી કે ઓળખી નથી શક્યું. આમાં સંસારની તમામ સ્ત્રી જાત આવી જાય છે. હું પણ આવી જાઉ છું. તારા અને મારા આવા શારીરીક સંબંધ વિશે આપણાં બે સિવાય ત્રીજા કોઇને જરાપણ ખબર નથી અને આવા સબંધંની ખબર પડવી પણ ન જોઇએ. એટલે હવે પછીની જિંદગી પહેલાંની જેમ જ તારે ને મારે જીવવી જ રહી. જરાપણ અફસોસ કરવો સારો નહીં. આ સંસાર જ એવો રહસ્યભર્યો રહ્યો છે પરિણીત હોઇએ તો પણ ભલે અને અપરિણીત હોઇએ તો પણ ભેલ, સંસારમાં શરીર સુખ ભોગવવા માટે સ્ત્રી અને પુરૂષ આકાશ - પાતાળ એક કરીને પણ આવું સુખ ભોગવે ત્યારે જ સંતોષ મેળવે છે. પરંતુ આવા નજીકના આડા સંબંધોથી કયારેક કયારેક ન બનવાના ખતરનાક બનાવો બનતા વાર પણ નથી લાગતી.

"હા..., એક વાત તને હજીપણ કહી દઉં.... મહેશ ! સ્ત્રી પાત્ર એટલું બધું ઉંડું અને ખૂબ જિદ્દી છે કે... તે ધારે તે કરી શકે છે. સ્ત્રીમાં દરેક પ્રકારની અમાય શક્તિના ભંડારો ભરેલા પડયા છે એટલે તો સ્ત્રીના ઈચ્છાને સમગ્ર પુરૂષજાત તરતજ વશ થઇ જાય છે.

"એક બીજી વાત કહું : કોઇપણ સ્ત્રીના પેટમાં પોષણ પામતું બાળક એ કોનું બાળક છે, એનો બાપ કોણ છે...? એ તો માત્ર એ બાળકની માતાને જ સાચી ખબર હોય છે અને આવો ભેદ, આવું રહસ્ય એક સ્ત્રી તેના મૃત્યુપર્યત તેના પેટમાં જીવનભર સંઘરી શકે છે..." શાંતુ મહેશ સામે જોઇ એકધારૂં બોલતી રહી હતી. પરંતુ ત્યારે તો મહેશ સાવ જ મૂંગો થઇ ગયો હતો. એટલે વળી શાંતુએ જ આગળ કહ્યું :

"હું જે કંઇ બોલું છું તે તું સાંભળે તો છે ને...?! હું કયારની બોલ્યા કરૂં છું.... અત્યાર સુધીમાં તું તે એક શબ્દ પણ નથી બોલ્યો, આવું કેમ ચાલે...? આજે રજા છે એટલે કોઇ વાંધો નથી. મારે પણ સ્કૂલે જવાનું નથી ને તારે પણ ઓફિસે નથી જવાનું દામલ કમળાપુર છે એટલે છેલ્લે મારી વાત સાંભળી લે : દામલ ખૂબ જ તેજ અને જ્ઞાની વ્યક્તિ છે. હું તેને ખૂબ સારી રીતે ઓળખુ છું. માણસને જોઈને, તેની વર્તણુંક અને ચાલ પારખીને તેમ સામેનો ચહેરો જોઈને એક સાચા જ્યોતિષીની જેમ તે તરત પારખી જાય છે એટલે તો હું તને મારા બે હાથ જોડીને વિનંતી પર વિનંતી કરૂં છું કે, કાલે રાતની આપણી બન્ને વચ્ચેનો શારીરિક સંબંધ બંધાયો તેને એક સપનું સમજીને ભૂલી જા, વિસરી જા. આ તારા માટે ને મારા માટે તો ઠીક પરંતુ દામલની જિંદગી વિશે પણ મારે તો વિચારવાનું હોય ને ? હવે તો તું કંઈક બોલ...." આટલું બધું મોટું ભાષણ શાંતુએ ખૂબ જ શાંતીથી નમ્રતા સાથે મહેશને સંભળાવ્યું મહેશે પણ ખુલ્લા દિલે બધું જ સાંભળ્યું શાંતુ ભાભીની મજબૂરીને તેને સાચો ખ્યાલ આવ્યો. એટલે જ તેણે તેનું મોઢું ખોલ્યું : (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# ઈરાનની ચેતવણી: પહેલો હુમલો નહીં કરીએ, પરંતુ નિશાન બનાવશો તો કડક જવાબ મળશે

તેહરાન, તા. ૨૮



ઈઝરાયલ અને અમેરિકા સાથેના વધતા તણાવ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાન પહેલો હુમલો નહીં કરે, પરંતુ દેશના માળખાગત અથવા આર્થિક કેન્દ્રોને નિશાન બનાવાશે તો કડક જવાબ આપવામાં આવશે. તેમણે મધ્ય પૂર્વના દેશોને ચેતવણી આપતા કહ્યું કે તેઓ પોતાની જમીનનો ઉપયોગ ઈરાનના દુશ્મનોને કરવા ન દે.

તાજેતરમાં ઈરાન દ્વારા અમેરિકન બેઝ અને ઊર્જા સ્થાપનો પર મિસાઈલ અને ડ્રોન હુમલાઓ વધ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. કેટલાક અહેવાલોમાં યુએસના અનેક બેઝ અસરગ્રસ્ત બન્યાનો દાવો થયો છે. બીજી તરફ, યુએસએસ જેરાલ્ડ આર. ફોર્ડ પર હુમલાના દાવા અંગે અમેરિકાએ ઈનકાર કર્યો છે. પેન્ટાગોન મુજબ જહાજમાં આગ ટેકિનકલ ખામીના કારણે લાગી હતી અને તે સંપૂર્ણ રીતે કાર્યક્ષમ છે. આ ઘટનાઓ વચ્ચે મધ્ય પૂર્વમાં તણાવ વધુ ઉગ્ર બનવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. ઈઝરાયલના જણાવ્યા મુજબ, મિસાઈલને અટકાવવા માટે હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ સક્રિય કરવામાં આવી હતી.

# પીએમ મોદીની ગુજરાત મુલાકાત દરમિયાન રૂ. ૫,૨૯૫ કરોડના વિકાસકાર્યોની ભેટ આપશે

અમદાવાદ,તા.૨૮



ગુજરાતના શહેરી વિકાસના ઈતિહાસમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૧ માર્ચના રોજ ગુજરાતની એકદિવસીય મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ રાજ્યના શહેરી વિસ્તારોમાં જનસુખાકારી અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપતા કુલ રૂ. ૫,૨૯૫.૫૪ કરોડના ૪૪ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

આ મુલાકાતનું મુખ્ય આકર્ષણ અમદાવાદ રહેશે, જ્યાં વડાપ્રધાન રૂ. ૪,૬૪૦ કરોડના ૩૨ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. જેમાં ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ (રૂ. ૮૧૧ કરોડ), વિવિધ વિસ્તારોમાં આવાસ યોજનાના મકાનો અને ટ્રાફિક સમસ્યા નિવારવા નારોલ-નરોડા રોડ ડેવલપમેન્ટ જેવા મહત્વના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, વડનગરના ઐતિહાસિક વારસાને જાળવવા રૂ. ૩૪.૪૫ કરોડના 'હેરિટેજ ટાઉન' પ્રોજેક્ટ અને પાટણમાં રૂ. ૪૩.૨૯ કરોડના ખર્ચે બનેલા નવા રેલવે ઓવરબ્રિજનું પણ લોકાર્પણ થશે. ગાંધીનગર મહાનગરપાલિકા અને 'ગુડા' (GUDA) ના વિવિધ પ્રકલ્પો દ્વારા પાટનગરના માળખાકીય વિકાસને પણ નવી ગતિ મળશે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ હજારો પરિવારોને પોતાના ઘરનું સપનું સાકાર થવાની અમૂલ્ય ભેટ આ મુલાકાત દરમિયાન મળશે.

# અમેરિકાના મિસિસિપીમાં ટ્રેન અને વાન વચ્ચે અકસ્માત : પાંચના મોત

વિગિન્સ, તા.૨૮

અમેરિકાના મિસિસિપી રાજ્યના સ્ટોન કાઉન્ટીમાં એક માલગાડી અને વાન વચ્ચે થયેલી હિંસક અથડામણમાં પાંચ લોકોના કરુણ મોત નિપજ્યા છે. આ અકસ્માત વિગિન્સ શહેર નજીક એક રેલ્વે ક્રોસિંગ પર સર્જાયો હતો. સ્થાનિક કોરોનર વેન ફ્લુરીના જણાવ્યા અનુસાર, તમામ મૃતકો વાનમાં સવાર હતા, જેમાં ૨૬ વર્ષીય ડ્રાઈવર રાયન પીટરસન, ૪૫ વર્ષીય ક્રિસ્ટીના કાર્વર અને તેમની બે યુવાન પુત્રીઓનો સમાવેશ થાય છે. કેનેડિયન પેસિફિક કેન્સાસ સિટીની માલગાડી સાથે થયેલી આ ટક્કરમાં વાનમાં સવાર ૨૩ વર્ષીય મહિલા એકમાત્ર બચી ગઈ છે, જેની હાલત અત્યંત ગંભીર છે. સદનસીબે, ટ્રેનમાં સવાર કોઈ મુસાફર કે કર્મચારીને ઈજા થઈ નથી. રેલ્વે કંપનીએ આ ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને હાલ સ્થાનિક શેરિફ ઓફિસ દ્વારા અકસ્માતના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

# પાકિસ્તાનમાં મોંઘવારી ચરમસીમાએ પહોંચી: એલપીજી સિલિન્ડરના ભાવ રૂ.૫,૧૦૦ને પાર

ઈસ્લામાબાદ, તા.૨૮



મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુધ્ધ અને આર્થિક અસ્થિરતાની સીધી અસર પાકિસ્તાનના સામાન્ય નાગરિકો પર પડી રહી છે. પાકિસ્તાનમાં લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) ના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. ૧૧.૬૭ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમત હવે રૂ. ૩,૯૦૦ થી વધીને ૫,૧૩૫ સુધી પહોંચી ગઈ છે, જે અગાઉ રૂ. ૩,૧૫૦ થી ૩,૯૬૮ની આસપાસ હતી. ખાસ કરીને પંજાબ પ્રાંતના શહેરોમાં આ ભાવવધારો સૌથી વધુ અનુભવાઈ રહ્યો છે. ભાવવધારા પાછળનું મુખ્ય કારણ ઈદ અને નવરોઝની રજાઓને લીધે ઈરાનથી થતી આયાતમાં ઘટાડો અને વૈશ્વિક બજારમાં ઈંધણના વધતા ભાવ છે. હાલમાં પાકિસ્તાન પાસે માત્ર ૧૩ થી ૧૪ દિવસનો જ ગેસ સ્ટોક ઉપલબ્ધ છે. પાકિસ્તાનને વાર્ષિક ૨ મિલિયન ટન એલપીજીની જરૂરિયાત રહે છે, જેમાંથી ૧.૨ મિલિયન ટન આયાત પર નિર્ભર છે. આ આકાશી ભાવવધારાને કારણે ખાનગી પરિવહન જેમ કે રિક્ષા, બસ અને મિનિબસના ભાડામાં પણ વધારો થયો છે.

# વૈશ્વિક તણાવની ભારત પર અસર: ક્રૂડમાં ઉછાળા સાથે ફુગાવો ૭% વટાવવાની ભીતિ


નવી દિલ્હી, તા.૨૮

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા ભૂ-રાજકીય તણાવની સીધી અસર ભારતીય અર્થતંત્ર પર પડવાની આશંકા સેવાઈ રહી છે. સિસ્ટમેટિક્સના તાજેતરના રિપોર્ટ મુજબ, આ પરિસ્થિતિ માત્ર કામચલાઉ વધઘટ નથી, પરંતુ વૈશ્વિક બજારમાં મોટા પરિવર્તનનો સંકેત છે. બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ પ્રતિ બેરલ ઈ૧૦૦ ને પાર કરી જતાં ભારત માટે મુશ્કેલી વધી શકે છે.

અહેવાલ ચેતવણી આપે છે કે ઊર્જાના વધતા ભાવ અને નબળી માંગને કારણે આગામી મહિનાઓમાં ભારતનો છૂટક ફુગાવો ૬ થી ૭ ટકાથી ઉપર જઈ શકે છે. આ ઉપરાંત, ૨૦૨૫ સુધીમાં વૈશ્વિક દેવું $348 ટ્રિલિયનની રેકોર્ડ સપાટીએ પહોંચવાનો અંદાજ છે, જે સરકારોની આર્થિક ક્ષમતા મર્યાદિત કરશે. તેલના ઊંચા ભાવ અને નાણાકીય અસ્થિરતા લાંબા સમય સુધી જળવાઈ રહેતા સામાન્ય જનતા પર મોંઘવારીનો બોજ વધવાની પૂરી શક્યતા છે.

# મેમનગર સ્વામિનારાયણ ગુરુકુલમાં રામનવમી હરિજયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી

અમદાવાદ, તા.૨૮



અમદાવાદના મેમનગર સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલમાં ભગવાન શ્રી રામચંદ્રજી અને સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્ય પર્વ નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી. તા. ૧૯ થી ૨૯ માર્ચ દરમિયાન યોજાયેલા 'ચૈત્રી કથામૃત' મહોત્સવમાં હજારો ભક્તોએ ઉમટી પડી ધાર્મિક ભાવનાનો અનોખો માહોલ સર્જ્યો. ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીએ 'સારસિદ્ધિ' ગ્રંથ પર આધારિત કથામૃત દ્વારા શ્રોતાઓને ભાવવિભોર કર્યા. રામનવમીના દિવસે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું. ભગવાન નીલકંઠવર્ણીનો કેસર મિશ્રિત દૂધથી અભિષેક કરવામાં આવ્યો અને ઘનશ્યામ મહારાજનું ૧૫૧ યજમાનો દ્વારા પૂજન થયું. બપોરે આરતી સાથે રામજન્મોત્સવ ઉજવાયો. રાત્રે સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો, જેમાં સંતોનું આશીર્વચન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાસ યોજાયા. અંતે ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધાર્મિક આનંદ અનુભવ્યો.

# ઓડિશામાં ગમખ્વાર બસ અકસ્માતમાં પાંચ શ્રદ્ધાળુઓના થયા કરૂણ મોત

ભુવનેશ્વર,તા.૨૮



ઓડિશાના નયાગઢ જિલ્લામાં શુક્રવારે મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં ડ્રાઈવર અને ચાર મહિલાઓ સહિત કુલ પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. બ્રહ્મપુરથી હરિશંકરના દર્શન કરવા જઈ રહેલી આ પ્રવાસી બસમાં આશરે ૬૦ જેટલા મુસાફરો સવાર હતા. દાસપલ્લા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળની હનુમાન ખીણ પાસે ડ્રાઈવરે વાહન પરથી કાબૂ ગુમાવતા બસ પથ્થર સાથે અથડાઈને પલટી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે અનેક મુસાફરો બહાર ફેંકાયા હતા અને કેટલાક બસ નીચે દબાઈ ગયા હતા.ઘટનાની જાણ થતા જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમોએ ગેસ કટરની મદદથી બસ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. આ અકસ્માતમાં ૪૦થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ૧૫ ગંભીર મુસાફરોને વધુ સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ ડ્રાઈવર પ્રવીણ સાહુ અને અન્ય સ્થાનિક રહેવાસીઓ તરીકે થઈ છે. હાલ પોલીસે અકસ્માતનું સચોટ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# પાંચોટમાં રાજ્યકક્ષાની કુસ્તી સ્પર્ધામાં કોડીનારની કૃપાલી વાળાએ ગોલ્ડ મેડલ જીત્યો

કોડીનાર, તા.૨૮



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર સ્થિત ડીએલએસએસના ખેલાડીઓએ તા. ૨૦ થી ૨૧ માર્ચ દરમિયાન મહેસાણાના પાંચોટ ખાતે યોજાયેલી અંડર-૨૦ જુનિયર રાજ્યકક્ષાની કુસ્તી સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કોડીનારની ખેલાડી કૃપાલી ગોવિંદભાઈ વાળાએ ૬૮ કિલો વજનવર્ગ (WW)માં ઉત્તમ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમની આ સિદ્ધિથી સમગ્ર જિલ્લામાં આનંદની લાગણી પ્રસરી છે. કૃપાલી હવે આગામી સમયમાં ઓડિશા ખાતે યોજાનારી રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. તેમની આ સફળતા બદલ શ્રી સોમનાથ એકેડેમી, ડીએલએસએસ તથા પરિવારજનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# નેપાળના પૂર્વ વડાપ્રધાન શર્મા અને ગૃહમંત્રીની પોલીસે કરી ધરપકડ

કાઠમંડુ,તા.૨૮

નેપાળના પૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની શનિવારે સવારે પોલીસે ધરપકડ કરી છે. આ ધરપકડ ગત વર્ષે થયેલા 'GEN-Z' વિરોધ પ્રદર્શનોના સંદર્ભમાં કરવામાં આવી છે. નોંધનીય છે કે આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે ગઈકાલે જ બાલેન શાહે નવા વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર ઓલીની તેમના ભક્તપુર સ્થિત નિવાસસ્થાનેથી અને રમેશ લેખકની સૂર્યવિનાયકથી ધરપકડ કરવામાં આવી હતી. ગૃહ મંત્રાલયની ફરિયાદ બાદ તપાસ પંચે આ નેતાઓ વિરુધ્ધ બેદરકારીનો કેસ ચલાવવાની ભલામણ કરી હતી જેમાં દસ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. ગત વર્ષના હિંસક પ્રદર્શનોમાં કુલ ૭૭ લોકોના કરૂણ મોત નીપજ્યા હતા અને રાષ્ટ્રીય સંપત્તિને ભારે નુકસાન થયું હતું.

# ધોરાજી પાસે ખાનગી બસ પલટી જતાં એક મહિલાનું મોત, ૧૭ મુસાફરોને ઈજા

ધોરાજી, તા.૨૮

ધોરાજી ખાતે નેશનલ હાઈવે પર મોડી રાત્રે પનઘટ હોટલ સામે ગુરુકૃપા ટ્રાવેલ્સની ખાનગી બસ પલટી મારી જતા એક મહિલાનું મોત નિપજ્યું હતું જ્યારે સત્તર લોકોને ઈજા થઇ હતી. ધોરાજીના ફરેણી રોડ પર રહેતા દેવીપૂજક સમાજના પરિવારના સભ્યો પાટણ જિલ્લાના સમી તાલુકાના કુવર ગામે ધાર્મિક વિધિ માટે ગયેલ અને પરત ફરતી વેળા જેતપુર રોડ પર પનઘટ હોટલ સામે ખાનગી બસની એક્સેલ તૂટી જતાં ચાલકે બસ પર કાબુ ગુમાવ્યો હતો. બસમાં ૨૨ મુસાફરો હતા. રાત્રિના સમયે બસ પલટી જતા તાત્કાલિક આસપાસના લોકો દોડી આવ્યા હતા. ૧૦૮ દ્વારા તમામને ધોરાજી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ધોરાજીમાં ૧૭ જેટલા મુસાફરોને સારવાર અપાઈ હતી, જેમાંથી આઠ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે જુનાગઢ રિફર કરાયા હતા અને તેમાં ત્રણ ની હાલત ગંભીર હોવાની તંત્રએ પુષ્ટિ કરી હતી. અત્યંત ગંભીર રીતે ઈજા પામેલ બબીબેન બચુભાઈ કુંવરીયા નામના આધેડ મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

# કોડીનારના કાજ ગામે સરખડી મંડળનું ભવ્ય હિન્દુ સંમેલન યોજાયું

કોડીનાર,તા.૨૭



સરખડી મંડળ તથા આસપાસના ગામોના હિન્દુ સમાજના સહયોગથી "હિન્દુ સંમેલર્ન સરખડી મંડળ" નું આયોજન રામનવમી ના રોજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ હોલ, કાજ, તા. કોડીનાર ખાતે ભવ્ય રીતે યોજાયું હતું. આ પ્રસંગે ફળાહારી બાપુ (જૂનાકાજ હનુમાન મંદિર)ના આશીર્વચન પ્રાપ્ત થયા હતા. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે અરસીભાઈ બી. વાળા (મુ. સરખડી) ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે અરવિંદભાઈ વંશ (બાલ પ્રમુખ, ગીર સોમનાથ જિલ્લો)એ હિન્દુ સમાજને સંગઠિત રહેવા, યુવાનોને સંસ્કાર સાથે આગળ વધવા અને કુટુંબ તથા સમાજ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા પ્રેરણા આપી હતી. આ સંમેલનમાં દામલી કડોદરા, સરખડી, બાવાના પીપળવા, માલશ્રમ, કાજ, નાનાવાડા, વેલણ, કોટડા અને માઢવાડ ગામોના હિન્દુ સમાજના લોકો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

**કુટુંબ તથા સમાજ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા પ્રેરણા આપી**

# ગોંડલ નેશનલ હાઈવે ઓથોરિટીની ઘોર બેદરકારીએ ૨૦ વર્ષીય યુવાનનો ભોગ લીધો

ગોંડલ,તા.૨૭



ગોંડલ નેશનલ હાઈવે પર અકસ્માતોની હારમાળામાં વધુ એક લોહિયાળ ઘટના સામે આવી છે. ગોંડલ તાલુકાના ચોરડી ગામ પાસે હાઈવે ઓથોરિટીની ગંભીર બેદરકારીના કારણે એક ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાનનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે તેના બે મિત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ગોંડલના મોવિયા રોડ વિસ્તારમાં રહેતા ત્રણ મિત્રો બાઈક પર સવાર થઈ જેતપુર ખાતે ફેબ્રિકેશનના કામ અર્થે જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાની વિગત મુજબ, બાઈક ગડર સાથે અથડાયા બાદ ટ્રકની ટક્કર લાગતા શકીલ હબીબભાઈ મસ્કતીનું માથું અથડાવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે મૃતક શકીલના દેહને શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ દ્વારા પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક વાહન મૂકીને અથવા વાહન સાથે ફરાર થઈ ગયો છે.

# અમરેલી સહિત સમગ્ર રાજયમાં કાળઝાળ ગરમીથી લોકો પરેશાન, માવઠાની આગાહી

અમદાવાદ,તા.૨૮



અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં હાલ ગરમીનો આકરો મિજાજ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી જતાં લોકો કાળઝાળ ગરમીથી પરેશાન છે. છેલ્લા ૨૪ કલાકમાં વાતાવરણ સૂકું રહ્યું છે અને આગામી બે દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. જોકે ત્યારબાદ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થતાં ગરમીમાં આંશિક રાહત મળી શકે છે. હાલમાં કેશોદ ૩૯ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે, જ્યારે અમદાવાદ અને વડોદરામાં તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયું છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહમાં ગરમીમાં ઘટાડો થવાની આગાહી કરવામાં આવી છે. ૨૯ અને ૩૦ માર્ચના રોજ ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારો માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આ સમયગાળા દરમિયાન બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવા વરસાદ અને વીજળીના કડાકાની સંભાવના છે. આમ, રાજ્યમાં ગરમીની સાથે માવઠાનો બેવડો અનુભવ થશે.

# મુખ્યમંત્રીની સમીક્ષા બેઠક : રાજયમાં ઈંધણ અને આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો જથ્થો ઉપલબ્ધ

ગાંધીનગર,તા.૨૮



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના જથ્થા તથા વિતરણ વ્યવસ્થાની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં હાલમાં તમામ આવશ્યક વસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં પણ પુરવઠો જળવાઈ રહે તે માટે રાજ્ય સરકારે આગોતરું આયોજન સુનિશ્ચિત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપેલા દિશા-નિર્દેશોના પગલે આ બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં હર્ષ સંઘવી, ઋષિકેશ પટેલ અને રમણ સોલંકી જેવા મંત્રીઓએ પણ ઉપસ્થિત રહી પરામર્શ કર્યો હતો. મુખ્યમંત્રીએ ખાસ કરીને પી.એન.જી. કનેક્શનને અગ્રતા આપવા પર ભાર મૂક્યો હતો. ગુજરાત હાલમાં દેશના ૨૩ ટકા પી.એન.જી. કનેક્શન સાથે અગ્રેસર છે. છેલ્લા દસ દિવસમાં જ ૧૨ હજારથી વધુ નવા કનેક્શન આપવામાં આવ્યા છે.

બેઠકમાં જણાવ્યા મુજબ, રાજ્યના ૧.૨૮ કરોડ ઘરેલું એલ.પી.જી. ગ્રાહકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સરકાર ઓઈલ કંપનીઓ સાથે સતત સંપર્કમાં છે. નાગરિકોની ફરિયાદોના ત્વરિત નિવારણ માટે કાર્યરત હેલ્પલાઈન દ્વારા અત્યાર સુધીમાં ૧૦,૦૦૦ જેટલી ફરિયાદો ઉકેલવામાં આવી છે.

# અમદાવાદમાં અઢી મહિનાની બાળકી પાણીની ટાંકીમાં પડતા માતાએ બચાવવાને બદલે ઢાંકણુ બંધ કર્યુ

અમદાવાદ, તા.૨૮

શહેરના અમરાઈવાડી વિસ્તારમાં એક કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. અઢી મહિનાની માસૂમ બાળકી પાણીની ટાંકીમાં પડી જતાં તેનું મોત નીપજ્યું છે. ચોંકાવનારી બાબત એ છે કે, બાળકી ટાંકીમાં પડ્યા બાદ માતાએ તેને બચાવવાને બદલે ડરના માર્યા ટાંકીનું ઢાંકણ બંધ કરી તેના પર તગારું મૂકી દીધું હતું. મૃતક બાળકીના પિતા દીપક મકવાણાએ પોતાની પત્ની વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ઘટના સમયે પિતા ગેસ સિલિન્ડર લેવા બહાર ગયા હતા. પ્રાથમિક પૂછપરછમાં માતાએ કબૂલાત કરી હતી કે, પાણી ભરતી વખતે બાળકી હાથમાંથી છૂટીને ટાંકીમાં પડી ગઈ હતી. પોતાની ભૂલ છુપાવવા તેણે આ પગલું ભર્યું હતું. અમરાઈવાડી પોલીસે માતાની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# જૂનાગઢ જિલ્લામાં પાણીની કૂંડીમાં ડૂબી જતા બે બાળકો મોતને ભેટ્યા, પરિવારજનોમાં આક્રંદ

જૂનાગઢ,તા.૨૮



જૂનાગઢના પાજાદ અને હસનાપુર વિસ્તારમાં રવિવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં વાડી વિસ્તારમાં રમતા બે નિર્દોષ બાળકો પાણીની ખુલ્લી ટાંકીમાં પડી જતાં તેમનું ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું છે. રમતા-રમતા અચાનક પાણીના કુંડામાં ખાબકેલા આ બાળકોને સ્થાનિકોએ તુરંત બહાર કાઢી હોસ્પિટલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કમનસીબે સારવાર મળે તે પહેલા જ તેમણે જીવ ગુમાવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકની લહેર પ્રસરી ગઈ છે અને સ્થાનિક વહીવટીતંત્રે આ મામલે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.બીજી તરફ, આવી જ એક સંભવિત હોનારત માંગરોળના શીલ ગામે ટળી હતી. ત્યાં નેત્રાવતી નદીમાં નહાવા પડેલા ત્રણ બાળકો ડૂબવા લાગ્યા હતા, પરંતુ સ્થાનિક માછીમારો અને તરવૈયાઓની સમયસૂચકતાને કારણે તેમને હેમખેમ બહાર કાઢી લેવાયા હતા. આ બંને ઘટનાઓ વાલીઓ માટે લાલબત્તી સમાન છે

# જામનગરમાં મિત્રએ જ મિત્રની વિધવા માતાની હત્યા કરી હોવાનો ખુલાસો

જામનગર, તા.૨૮

જામનગર શહેરના વુલનમીલ વિસ્તારમાં રહેતી ૪૦ વર્ષીય વિધવા રીન્કીદેવી કઠેરિયાની નિર્મમ હત્યાનો ભેદ ઉકેલાયો છે. આ હત્યા અન્ય કોઈએ નહીં પણ તેના પુત્રના મિત્ર વિજય ઓડિયે જ કરી હોવાનું સામે આવ્યું છે. આરોપી વિજય અને મૃતક મહિલા વચ્ચે છેલ્લા ચાર વર્ષથી આડા સંબંધો હતા. મહિલા દ્વારા વારંવાર કરવામાં આવતી પૈસાની માંગણી અને પોલીસ ફરિયાદની ધમકીથી કંટાળીને વિજયે લૂંગી વડે ગળે ટૂંપો દઈ રીન્કીદેવીની હત્યા કરી હતી. હત્યા બાદ લાશને કોથળામાં ભરી બંધ મકાનમાં છુપાવી દેવાઈ હતી. ચોંકાવનારી બાબત એ છે કે, હત્યા કર્યા બાદ આરોપી પોતે જ મૃતકના પુત્ર સાથે પોલીસ સ્ટેશનમાં શોધખોળ માટે ફરતો હતો. જોકે, લાશની દુર્ગંધ ફેલાતા ગભરાયેલા આરોપીએ ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી ઘટનાસ્થળનું રિકન્સ્ટ્રકશન હાથ ધર્યું છે.

# સામાન્ય નાગરિકોએ લોકડાઉન જેવી અફવાઓથી જરાય ડરવાની જરૂર નથી : ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવી

સુરત,તા.૨૮



ઈરાન અને અન્ય દેશો વચ્ચે સર્જાયેલી યુધ્ધ જેવી સ્થિતિને કારણે વિશ્વભરમાં ઉર્જા સંકટ અને એનર્જી લોકડાઉનનો ભય સેવાઈ રહ્યો છે ત્યારે ગુજરાતમાં પણ લોકડાઉન લાગશે તેવી વાતો વહેતી થઈ હતી. આ ગંભીર પરિસ્થિતિ અને સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓને ધ્યાને લેતા ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક મહત્વની પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે સામાન્ય નાગરિકોએ લોકડાઉન જેવી અફવાઓથી જરાય ડરવાની જરૂર નથી કારણ કે રાજ્ય સરકાર દ્વારા તમામ જરૂરી વ્યવસ્થાઓ અગાઉથી જ કરી લેવામાં આવી છે. મુખ્યમંત્રી કક્ષાએ આ બાબતે સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને વહીવટી તંત્ર સજ્જ છે.હર્ષ સંઘવીએ નાગરિકોને અપીલ કરી હતી કે જે લોકો વોટ્સએપ કે અન્ય માધ્યમો દ્વારા સમાજમાં ડર ફેલાવે છે તેઓને બોયકોટ કરવા જોઈએ અને તેમની માહિતી તુરંત પોલીસને આપવી જોઈએ. રાજ્યમાં એલપીજી, પેટ્રોલ, ડીઝલ અને ખાતર જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને આગામી દિવસોમાં પણ તેનો સપ્લાય સરળતાથી જળવાઈ રહેશે. પેટ્રોલ-ડીઝલની અછતની અફવાને કારણે લોકોએ લાઈનો લગાવવાની જરૂર નથી.

# અમદાવાદમાં નળ સરોવરના ધરજી ગામે દારૂના દરોડા દરમિયાન પોલીસ પર ટોળાએ હિંસક હુમલો કર્યો

અમદાવાદ, તા.૨૮



અમદાવાદ ગ્રામ્યના નળ સરોવર પોલીસ મથક હેઠળ આવતા ધરજી ગામે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી ગંભીર ઘટના બની છે. દારૂના વેચાણ અંગેની ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડવા ગયેલી પોલીસ ટીમ પર ૧૦૦થી વધુ લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ હિંસક હુમલો કર્યો હતો. મળતી માહિતી મુજબ, જ્યારે પોલીસ કાફલો ગામમાં પહોંચ્યો ત્યારે અચાનક મોટી સંખ્યામાં ગ્રામજનો એકઠા થઈ ગયા હતા અને બોલાચાલી શરૂ કરી હતી. મામલો એટલો બિચક્યો હતો કે ટોળાએ પોલીસ કર્મચારીઓને નીચે પાડી રસ્તા પર દોડાવી-દોડાવીને માર માર્યો હતો. આ હુમલાને પગલે સમગ્ર પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક વધારાની પોલીસ કુમક રવાના કરવામાં આવી હતી. નળ સરોવર પોલીસે હુમલામાં સામેલ ૧૦૦થી વધુ શખ્સો સામે રાયોટિંગનો ગુનો દાખલ કર્યો છે. હાલ હુમલાખોરો ગામ છોડી ફરાર થઈ ગયા હોવાથી પોલીસે તેમની શોધખોળ માટે ચક્રગતિમાન કર્યા છે.

# રાજયમાં કુલ રૂ.૩૦૮ કરોડના દાન સાથે ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી, આપ-કોંગ્રેસ પાછળ

ગાંધીનગર, તા.૨૮



ગુજરાતના રાજકારણમાં નાણાકીય ભંડોળ અંગે તાજેતરમાં બહાર આવેલા આંકડાઓએ સત્તાધારી પક્ષ અને વિપક્ષો વચ્ચેની આર્થિક અસમાનતાને સ્પષ્ટ કરી દીધી છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, રાજ્યમાં રાજકીય દાનનો પ્રવાહ એકતરફી રીતે સત્તાધારી પક્ષ તરફ વળ્યો છે, જ્યારે અન્ય મુખ્ય રાજકીય પક્ષો ભંડોળ મેળવવામાં ઘણા પાછળ રહી ગયા છે. અહેવાલની વિગતો અનુસાર, ગુજરાતના મુખ્ય રાજકીય પક્ષોને કુલ અંદાજે ૩૦૮ કરોડ રૂપિયા જેટલું દાન પ્રાપ્ત થયું છે. આશ્ચર્યજનક બાબત એ છે કે આ કુલ રકમમાંથી લગભગ તમામ હિસ્સો એકમાત્ર ભાજપના ફાળે ગયો છે. આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉદ્યોગપતિઓ અને મોટા કોર્પોરેટ ગૃહોનો ઝુકાવ સત્તાધારી પક્ષ તરફ વિશેષ રહ્યો છે. તેની તુલનામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) ને મળેલું દાન નગણ્ય કહી શકાય તેટલું ઓછું છે. રાજકીય પક્ષોને મળેલા આ દાનમાં સૌથી મોટો ફાળો કોર્પોરેટ અને બિઝનેસ જગતનો રહ્યો છે. અંદાજે ૮૦% થી વધુ રકમ મોટી કંપનીઓ અને ઉદ્યોગગૃહો દ્વારા આપવામાં આવી છે. જેમાં ખાસ કરીને રિયલ એસ્ટેટ, સિમેન્ટ, ફાર્માસ્યુટિકલ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની કંપનીઓ મોખરે રહી છે. આ ઉપરાંત, વ્યક્તિગત સ્તરે પણ કેટલાક મોટા ઉદ્યોગપતિઓએ કરોડો રૂપિયાનું દાન આપ્યું હોવાનું અહેવાલમાં નોંધાયું છે. અહેવાલમાં એક રસપ્રદ પાસું એ પણ સામે આવ્યું છે કે અનેક દાતાઓએ મોટી રકમ એકસાથે આપવાને બદલે ટુકડે-ટુકડે અથવા હપ્તાઓમાં આપી છે. વિશ્લેષકો માને છે કે આ પધ્ધતિ કદાચ મોટા નાણાકીય વ્યવહારોને ચર્ચાથી દૂર રાખવા માટે અપનાવવામાં આવી હોઈ શકે છે. રાજકીય દાન મેળવવાના મામલે દેશભરમાં ગુજરાતનું સ્થાન ખૂબ જ મહત્વનું છે. દિલ્હી અને મહારાષ્ટ્ર બાદ ગુજરાત આ યાદીમાં સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે આવે છે, જે રાજ્યની આર્થિક અને રાજકીય સધ્ધરતા સૂચવે છે.

**હાર્ટ એટેકનું નાટક રચી અંતિમ સંસ્કાર પણ કરી દીધા**

# ઉનામાં ૧૨ વીઘા જમીનની લાલચમાં પિતરાઈ ભાઈઓએ બહેનની હત્યા કરી

ઉના, તા.૨૮



તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નેસડા ગામે લોહીના સંબંધોને લજવતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. માત્ર ૧૨ વીઘા જમીન પચાવી પાડવાની લાલચમાં બે પિતરાઈ ભાઈઓએ પોતાની જ ૨૫ વર્ષીય બહેન મનસુબેન ગોહિલની નિર્મમ હત્યા કરી નાખી છે. મૃતક યુવતીના માતા-પિતા હયાત ન હોવાથી તે એકલી રહેતી હતી અને વારસામાં મળેલી જમીન પર તેના પિતરાઈ ભાઈઓ વિક્રમ વિરાભાઈ ગોહિલ અને મનુ કનુભાઈ ગોહિલની મેલી નજર હતી. આરોપીઓએ બહેનને તેના પ્રેમી સાથે લગ્ન કરાવી આપવાની લાલચ આપી વિશ્વાસમાં લીધી હતી. ગત ૨૦મી તારીખે લગ્નની વાતચીત કરવાના બહાને વિક્રમ તેને પોતાના ઘરે લઈ ગયો હતો, જ્યાં બંને ભાઈઓએ મળીને મનસુબેનનું ગળું દબાવી હત્યા કરી નાખી હતી. પાપ છુપાવવા માટે આરોપીઓએ બહેનને 'હાર્ટ એટેક' આવ્યો હોવાનું તરકટ રચ્યું અને ઉતાવળે સ્મશાનમાં અંતિમ સંસ્કાર પણ પતાવી દીધા હતા. જોકે, મૃતકના પ્રેમીને શંકા જતાં તેણે પોલીસને જાણ કરી હતી. ઉના પોલીસે ૭ દિવસની સઘન તપાસ અને FSLની મદદથી આ બંને નરાધમ ભાઈઓની ધરપકડ કરી છે. પોલીસને આ ગુનામાં અન્ય લોકોની સંડોવણીની પણ આશંકા છે.







